**સ્પેશિયલ ઓફર**
3 BHK Rent Devi Dayal Rd
2 BHK New Tower 1.55 cr.
1 BHK New Tower 1.15 cr.
1 BHK New Building 1.13 cr.
3 BHK 1.85 to 2.50 cr.
**Deepak Kesaria**
**9707 777 771**



# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com



વર્ષ : ૨૭ ● અંક : ૪૪ ● સળંગ અંક : ૧૩૬૦ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૦ નવેમ્બર – ૨૬ નવેમ્બર ૨૦૨૪ ● કુલ પાના ૨૪ ● કિંમત રૂ.૫.૦૦





METRO GROUP

**SARASWATI PARADISE**

Only 'SETTLE' for the most exclusive

Book your dream home today and experience a lifestyle of comfort and luxury! Saraswati Paradise offers world-class amenities, designed to elevate your everyday living.

Saraswati paradise MULUND WEST

**PREMIUM 2 & 3 BHK HOMES**

Zaver Road, Mulund West

+91 88 2890 0009

www.saraswatiparadise.in

Site Address: Saraswati Paradise, at Zaver Road, Mulund West - 400080

uptown ADVISORY

Disclaimer: The plans, specifications, images and other details herein are only indicative and the developers reserve their rights to change any or all of these in the interest of the development. The printed material does not constitute an offer and or contract of any type between the developer and the recipient. Any purchase/lessee of this development shall be governed by the terms and conditions of the agreement for sale/lease entered into between parties and no detail mentioned in this printed material shall in any way govern such transaction.

MahaRERA Registration No.: P51800051636


**Click Here**

# ક્લાસિફાઈડ્સ

## ખાસ નોંધ

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

## ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).

સંપર્ક : **9322257731**
**gurjarmat@gmail.com**
**www.facebook.com gurjarmat**
**www.gurjarmat.com**

## Display Advt. Rates

**First colour Page**
Rs.**40**/- Per Sq.cm.
**Last colour Page**
Rs.**32**/- Per Sq.cm.
**Inner Colour Page**
Rs.**24**/- Per Sq.cm.

## શૈક્ષણિક

### French Classes

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

### English Grammar Tuitions Board: ICSE/CBSE

Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## લગ્ન સંબંધી

### પૂજા મેરેજ બ્યુરો
### મેળાપથી હસ્તમેળાપ સુધી

ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પૂરી કરો. 1227 (1376)

## મહિલા માટે

### 1+1 Free

બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

## ધંધાકારી

### કવર! કવર!! કવર!!!

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 734 (1404)

### વોશીંગ મશીન રીપેરીંગ

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

### પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ

૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

### Jainam Publicity

પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 621 (1361)

### RVS Pest Control

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** 6658 (1363)

### Last Chance 31 Dec 24

IT Return for F.Y.2023-24 due date is 31 Dec 24, GST Annual Return GSTR 9 for F.Y.2023-24 due date is 31 Dec. 24. TDS Return For F.Y.2024-25 Q2 File before 31 Oct. 24. Contact : **9664246134** 6737 (1363)

## જ્યોતિષશાસ્ત્ર

૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ **શ્રી સમીર સેજપાલ** દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.

**સમીર સેજપાલ**

(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોતિર્જ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)

મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

## જગ્યા સંબંધી

### શ્રી એસ્ટેટ એજેન્સી

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

વનબેડ 461 કારપેટ, હાયર ફ્લોર સ્ટેમ્પ ડ્યુટી સાથે 95 લાખ એસ.એલ.રોડ/2 BHK ઝવેર રોડ દેરાસર નજીક 660 કારપેટ 175/3 બેડ બધી જ એમેનીટીસ સાથે 225 સુધી શક્યતા. જે.એન.રોડ તેમજ દેવીદયાલ ક્રોસ રોડ 230 સુધી શક્યતા અને 4 બેડ 4 સુધી શક્યતા/ઈન્ડ. ગાળો 1135. 175-55000 ભાડે લાગેલું ગ્રા.ફ્લોર/582-140 વેચાણથી. તેમજ ભાડે લેવા આપવા પણ ફાયદાથી ઘણા ઓપશન છે. **સંપર્ક : અતુલ કતીરા - 9821180931, 8779441915** 131 (1382)

### Oberoi Eternia

3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1383)

મુલુંડ ઈસ્ટ સાઈનાથ એપાર્ટમેન્ટ 2 BHK વેચાણથી એરિયા 621 કારપેટ. **નિલેશ : 93239 01171, 87798 97074** 632 (1401)

### જગ્યા આપવી છે

એટમોસ્પીઅર શાંતિ હાઈટસ 2/3 BHK નવી બિલ્ડિંગ, આશાનગર 2 BHK 1.65, ગૌશાલા 1.35 cr, 700 કારપેટ 580-1.20 cr. બંધાતામાં નવા પ્રોજેક્ટમાં પીરામલ રૂણવાલ એટમોસ્પીઅર અનંતા, ઓબેરોય 0% દલાલી ભાડેથી દેવીદયાલ 4 BHK 80,000 સિધ્ધિ- **9320682334** 6736 (1360)

### Oberoi Enigma

3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1383)

## ધંધાકારી

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 0973040287 9, 79772 67990** 6660 (1365)

### જુના કપડા વેચાતા લેશું

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 491 (1370)

### સનસાઈન કવર્સ

ડાઈનિંગ ટેબલ કવર, વોશિંગ મશીન કવર, સુટકેશ કવર, ઘરઘંટી કવર, માઈક્રોવેવ કવર, બ્લેન્કેટ કવર, બ્લાઉઝ કવર, ગીફ્ટ આઈટમ કવર, ગિટાર કવર, કેસીઓ કીબોર્ડ કવર, સાડી કવર, કુર્તિ કવર, અન્ય વિવિધ પ્રકારના કવર તમારા ઘરે, ઓફિસે આવીને બનાવી આપીશું. **આલમ - 98924 44436 98924 44413 / શબ્બીર - 87798 49022, 88501 55168.** 902 (1361)

### સ્ટોક ક્લિયરન્સ સેલ

પ્લસ સાઈઝની કોટન પેન્ટની અઢળક વેરાયટીઓ જોવા ખાસ પધારો. હોલસેલ ભાવમાં રીટેલ જેન્ટસ વેરમાં બ્રાન્ડેડ ફેબ્રીકમાં કોટન પેન્ટ, હોઝીયરી ટ્રેક પેન્ટ, બર્મુડા, જીન્સ (28 to 50), શર્ટ, ટી-શર્ટ (M to 8 XL) સાઈઝમાં અનેક વેરાયટીઓ ઉપલબ્ધ. ઓફર શર્ટ રૂા.૩૦૦/-થી શરૂ. સિલેક્શન મેન્સ વેર, ગાલા નં.૫૪, રાજા ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. સમય ૧૦ થી ૭. સોમવાર બંધ. સંપર્ક : **દીપેન ભેદા- 9137501277** (1360)

## મહિલા માટે

### ઘરઘંટીનો ભવ્ય શોરૂમ

૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

## નોકરી સંબંધી

### એકાઉન્ટસ

કંપની સોસાયટી અને પર્સનલ એકાઉન્ટસ, જી.એસ.ટી., ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કરી આપશું. **દિલીપભાઈ - 9324203535** 499 (1397)

### In Mulund Required

Female Accountant, Knowledge of Bank Reco. GST Return & IT, Minimum 3-5 Years Experience. Call : **9152579796** 6735 (1363)

ઘરકામ, કેરટેકર, રીટાયર હોમના ફોન નંબર જોઈએ છે. સંપર્ક : **8369902511** 6314 (1360)

Job in Insurance Sector Call : **9773661090**

Follow us on /gurjarmat
Website : www.gurjarmat.com
**9322257731**

*સ્વચ્છતા એવી પાવન ઈશ્વરત્વ પરમ સત્ય.*

*મતભેદની દિવાલમાં તિરાડ તો પડવાની.*

*છેડી જાય છે હૃદયના તારને, ભીનું કશુંક.*

*મોજા ગર્વમાં ચૂર ચૂર થયાં છે, ઉછળ્યા પછી.*

*ગાલે ખંજન, રૂપ ખીલી ઉઠે છે, પુષ્પની જેમ.*

**હાઈકુ**



કવિયત્રી મંજુલા રાંભિયા

**Click Here**

પોસ્ટ ખાતાની વિવિધ બચત
તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન - મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ • અંક : ૪૪ • સળંગ અંક : ૧૩૬૦ • મુંબઈ • બુધવાર • તા.૨૦ નવેમ્બર – ૨૬ નવેમ્બર ૨૦૨૪ • કુલ પાના ૨૪ • કિંમત રૂા.૫.૦૦

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st July - 31st December 2024

STAMP FRANKING
Now Available

With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative

TRADE LOAN
LOAN AGAINST PROPERTY
MORTGAGE LOAN
COMMERCIAL (CRE)LOAN
*8.49% (p.a.)
HOUSE REPAIR
PRE OWNED CAR LOAN
MACHINESE LOAN
COMFORT (CONSUMER DURABLE)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT www.arihantbank.com @ Arihant Bank

Click Here

|| શ્રી આદિનાથાય નમઃ || || શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ || || શ્રી મુનિસુવ્રત સ્વામિને નમઃ || || શ્રી મહાવીરસ્વામીને નમઃ ||

|| શ્રી ગૌતમસ્વામીને નમઃ || || શ્રી સિદ્ધચક્રાય નમો નમઃ || || શ્રી સુધર્મા સ્વામિને નમઃ ||

જય ભોમિયાજી દેવ || અચલગચ્છાધિપતિ પૂજ્ય ગુરુવર્યો શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરિભ્યો નમઃ || જય ક્ષેત્રપાલજી દેવ

|| શ્રી કવીન્દ્ર-વીર-મહોદયસૂરિને નમઃ || || શ્રી ચકેશ્વરી-મહાકાલી-જ્વાલામાલિનીદેવીભ્યો નમઃ ||

પ્રવર્તિની મહત્તરા ગુરૂણી ભગવંતો શ્રી શિવ-ગુલાબ-રત્નરેખા ચરણમાં વંદના... શ્રી ગુલાબ-દેવ-ખીર-માણેક ગુરૂણીના ચરણે વંદના...




જિનશાસનરત્ના, અવધૂત યોગિનિ, શ્રમણી પ્રધાન, દીર્ઘ સંયમી, માતૃહૃદયા, દીર્ઘદ્રષ્ટા, પ્રવર્તિની મહત્તરા, સાધ્વી ભગવંત મુખ્યા પ.પૂ. ગુરૂમૈયા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. ને વંદના.

**પ્રવર્તિની મહત્તરા, સાધ્વી મુખ્ય શ્રમણી પ્રધાન, જિનશાસન પ્રભાવિકા,**
**પ.પૂ. ગુરૂમૈયા સાધ્વીજી ભગવંત શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. ના**
**વર્ષોથી મનોભાવ...મનોરથ હતા...તે અપૂર્વ ભાવોને પરિપૂર્ણ કરવાના ભાવો સાથે**
**પૂજ્યશ્રીના હયાતિ સમયે અર્પેલ પ્રેરણાશ્રોત સ્વીકારી**
**ગુરૂભક્તોનો / સંઘપતિશ્રીઓના ઉદાત સાથ સહકારે તીર્થ જિન ભક્તિમય**

# શ્રી ચંદ્રપ્રભ-જિન-તીર્થભક્તિપ્રદ ગુણ ગુલાબ-વસંત પ્રભાવિક છરિ પાલિત યાત્રા સંઘ



## શ્રી મણીલક્ષ્મીતીર્થ થી શ્રી વાલવોડ મહાતીર્થ
## તા. 11-1-2025 થી તા. 15-1-2025



વર્ષાવે દિવ્યકૃપા અપાર : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
અર્પે દિવ્યાશિષ અનરાધાર : જિનશાસન શિરોમણિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
અર્પે તારક આજ્ઞાશિષ ઉપકાર : પરમાર્થ-પુરૂપાર્થમૂર્તિ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.



- જે તીર્થ શણગાર શ્રી ચંદ્રપ્રભસ્વામીના પ્રભાવે દર્શન-વંદન-પૂજન અને વાલવોડ તીર્થની યાત્રા કરતા મનના સર્વ મનોરથ પૂર્ણ થાય છે. આધિ-વ્યાધિ-ઉપાધિ-અશાંતિ દૂર થાય છે. આત્મશુદ્ધિની પ્રાપ્તિ થાય છે.
- અચલગચ્છ અને કચ્છી સમાજમાં સૌ પ્રથમવાર શ્રી વાલવોડ તીર્થનો છરિ પાલિત યાત્રા સંઘ નીકળશે.
- જે પરમાત્માનો અજબ પ્રભાવ અને ચમત્કાર છે એવા શ્રી ચંદ્રપ્રભસ્વામી પરમાત્માની ભક્તિ કરવાનો યોગ મળ્યો છે.
- તા. ૧૧-૧-૨૪, શનિવાર ના દિવસે શ્રી મણીલક્ષ્મી તીર્થે બિરાજતા શ્રી મુનિસુવ્રતસ્વામીના ચરણે આવી જવાનું.
- તા. ૧૫-૧-૨૪, બુધવાર ના દિવસે શ્રી વાલવોડ તીર્થે બિરાજતા શ્રી ચંદ્રપ્રભસ્વામીના શરણે...ચરણે તીર્થમાળ...પૂર્ણાહૂતિ થશે...
- ઈતિહાસે ગવાય છે અને જણાય છે કે વાલવોડ તીર્થના દાદા શ્રી ચંદ્રપ્રભસ્વામી પ્રભુ વર્ષો પહેલા અચલગચ્છીય ગુરૂદેવના હસ્તે પ્રતિષ્ઠિત કરાયા છે.

### ખાસ નોંધ

- તા. ૧૧-૧-૨૫, શનિવાર, પોષ સુદ ૧૩ ના મણીલક્ષ્મી તીર્થે આવવાનું
- તા. ૧૨-૧-૨૫, રવિવાર, પોષ સુદ ૧૪ ના સંઘ પ્રયાણ
- તા. ૧૫-૧-૨૫, બુધવાર, પોષ વદ ૨ ના તીર્થમાળ - પૂર્ણાહૂતિ
- દરરોજ ૧૦ થી ૧૧ કીલોમીટરનો વિહાર હશે
- ૬૫ વર્ષથી ઉંમર સુધીના યાત્રિકોને જોડાવવા વિનંતી.
- છરિના નિયમો ફરજીયાત પાળવાના રહેશે.
- વાહનનો ઉપયોગ સંઘ દરમ્યાન યાત્રિકો માટે સદંતર ત્યાગ
- જે સંપૂર્ણ નિયમો પાલન કરી શકે તે જ જોડાશો.
- મર્યાદિત સંખ્યા જ લેવાની હોતા વહેલો તે પહેલો
- પત્રિકામાં આ છપાયેલ ફોર્મ ભરી એક ફોટો, આધાર કાર્ડ, ઝેરોક્ષ સાથે રૂા. ૧૦૦૦/- (એક હજાર) ડીપોઝીટની ભરી (જે રકમ યાત્રા પૂર્ણ થતાં પરત આપવામાં આવશે.)
- અન્ય વિગતવાર જાહેરાત બીજી પત્રિકામાં અપાશે.
- તા. ૨૦-૧૧-૨૪ સુધી જ ફોર્મ સ્વીકારશે.

**ખાસ સંપર્ક : વૈયાવચ્ચપ્રેમી શ્રી મુકેશભાઈ મૈશેરી (મુલુંડ) - ૯૮૨૦૪ ૨૨૨૯૧ ■ શાસન ગૌરવ શ્રી ચંદ્રકાંત પી. દેઢિયા (વિધિકાર) - ૯૦૯૯૨ ૨૧૧૯૯**

સર્વે ગુરુભક્તો સંઘપતિ પરિવારજનોની વિસ્તૃત નામાવલી અનુમોદનાના સુર સાથે હવે પછીની પત્રિકામાં અપાશે.

લિ. : ગુણ-ગુલાબ-વસંતપ્રભાવિક છરિ પાલિત યાત્રા સંઘ શ્રી મણીલક્ષ્મીતીર્થ થી શ્રી વાલવોડ તીર્થ (કન્વીનર : શ્રી મુકેશભાઈ મૈશેરી (લાલા-મુલુંડ)

## શ્રી ચંદ્રપ્રભ-જિન-તીર્થભક્તિપ્રદ ગુણ ગુલાબ-વસંત પ્રભાવિક છરિ પાલિત યાત્રા સંઘમાં જોડાવવા યાત્રિક ફોર્મ

યાત્રિકનું પુરુ નામ : ........................................ (ઉ.) ......... ગામ : ..............................

રહેઠાણ : ..............................................................................................

..............................................................................................

યાત્રિકના સંપર્ક નંબર : .............................. ઘરના સંપર્ક નંબર : .............................. વર્ષીતપ ચાલુ છે ? ..............

આયંબિલ ઓળી ચાલુ છે ? .............................. છરિ સંઘના સર્વ નિયમો મંજુર છે ? ..............................

ફોર્મ ભરીને પરત કરવાનું સ્થળ : પ.પૂ.સા. શ્રી જિનપ્રભાશ્રીજી મ.સા, કચ્છી ભવન, તળેટી રોડ, પાલીતાણા ૩૬૪ ૨૭૦ (આ એડ્રેસ પર કુરીયર કરવા વિનંતી)

**Click Here**

2 BHK Available For Sale Mulund West
Neelam Senroof Society, Carpet 800, 2 BHK, Fully well furnished flat with Parking. Available to see on request Interested people Please call on
9082041567
8928612125

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control & Also Services For Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૪૪ ● સળંગ અંક : ૧૩૬૦ ● મુંબઈ ● બુધવાર ● તા.૨૦ નવેમ્બર – ૨૬ નવેમ્બર ૨૦૨૪ ● કુલ પાના ૨૪ ● કિંમત રૂ.૫.૦૦

# આજે મુલુંડમાં ઐતિહાસિક મતદાન થવાની સંભાવનાઓ

મુલુંડ વિધાનસભા ક્રમાંક ૧૫૫ માટે કુલ ૧૫ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રક દાખલ કર્યા હતા જેમાંથી પાંચ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા છેલ્લે દસ ઉમેદવાર હવે ચૂંટણીના રણાંગણમાં બાકી રહ્યાં છે. આમાંથી કોઈ એક બડભાગી ઉમેદવાર આગામી પાંચ વર્ષ માટે મુલુંડ વિધાન સભા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરશે. દરેક ઉમેદવારને વિજય ભવની શુભેચ્છા. મુખ્ય લડત ભાજપાના મિહિર કોટેચા અને કોંગ્રેસના રાકેશ શેટ્ટી વચ્ચે છે.

શ્રી વિમલ એસ્ટેટ-મુલુંડ
4 BHK ફોર સેલ
ઝવેર રોડ
2 પાર્કિંગ સાથે
81040 09694
98198 64456

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
3 અને 1/2 BHK વેચાણાર્થે
આર.એચ.બી. રોડ, 2.75 કરોડ,
નવું બિલ્ડીંગ પાર્કિંગ સાથે
3 BHK વેચાણાર્થે ઝવેર રોડ, 3.25 કરોડ
8169222044

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending Photos and Videos.
Owner : Sanjay Thakker
9833726529, 9223358545


મિહિર કોટેચા (ભાજપા)


રાકેશ શેટ્ટી (કોંગ્રેસ)

(બાકીના ઉમેદવારોની યાદી માટે જુઓ પાના નં.૬)




WEDDING PACKAGES TO SUIT ALL YOUR REQUIREMENTS
Celebrations with Best Venue & Menu • 10 AC Halls • Valet Parking
Events & Decorations all under one roof • No hidden charges
T&C apply
BOOK YOUR DATES NOW
HOTEL Tip Top PLAZA
ROOMS • RESTAURANT • BANQUETS
Trust meets Tradition
L.B.S. Marg, Near Teen Hath Naka, Thane (W), Tel.: 80822 33333/022 6793 5516
www.hoteltiptopplaza.in • info@hoteltiptopplaza.in

આવતી કાલ થી શરુ
।। સ્વામી શ્રીજી ।।
@MULUND
પરિધાન®
WEDDING SPL. EXHIBITION
21 ગુરુવાર 22 શુક્રવાર NOV

The Palace
JUNC. OF N.S. & S.L. ROAD, MULUND (WEST)
55+CABINS/STALLS
FREE VALET PARKING
શિલ્પા શેઠીયા : 9653609990

Click Here

# મુલુંડ વિધાનસભા ઈલેકશનમાં બેઠક માટે ઉમેદવારોની યાદી



Lotus (કમળ)




(ભારતીય જનતા પાર્ટી)

**૧ મિહિર કોટેચા**



Carrom Board (કેરમબોર્ડ)



(બહુજન રિપબ્લિક સોશ્યાલીસ્ટ પાર્ટી)

**૬ સંજય દેશપાંડે**



Hand (હાથ)



(કોંગ્રેસ)

**૨ રાકેશ શેટ્ટી**



Ship (જહાજ)




(લોકરાજ્ય પાર્ટી)

**૭ સંજીવની વૈતી**




Elephant (હાથી)



(બહુજન સમાજ પાર્ટી)

**૩ સિધ્ધેશ આવ્હાડ**



Almirah (કબાટ)



(અપક્ષ)

**૮ ડૉ.આનંદ કાસલે**



Whistle (સીટી)




(રાષ્ટ્રીય સમાજ પક્ષ)

**૪ નીતિન કોલેકર**




Pen Nib with Seven Rays (પેનની નીબ સાત કિરણ સાથે)



(અપક્ષ)

**૯ કેશવ જોશી**



Gas Cylinder (ગેસ સિલીન્ડર)



(વંચિત બહુજન આઘાડી)

**૫ પ્રદીપ શિરસાટ**



Rubber Stamp (રબર સ્ટેમ્પ)



(અપક્ષ)

**૧૦ નંદકુમાર સિંઘ**

Click Here

# મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં આજે ખરાખરીનો જંગ



તંત્રી સ્થાનેથી
જયંત છેડા

મહારાષ્ટ્ર અને ઝારખંડમાં આજે જે વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે તે ફક્ત ચૂંટણી જ નહીં, ખરાખરીનો જંગ છે. આ એક એવો જંગ છે જેને કોઈ હારવા નથી માગતું. ઈન્ડી ગઠબંધન લોકસભાની ચૂંટણીમાં પહેલાં જ હારી ચૂક્યું છે,તો મોદી ફક્ત હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં થયેલી જીતથી સંતોષ માનવાવાળા નથી. તેઓ મહારાષ્ટ્ર અને ઝારખંડ બંને વિધાનસભાની ચૂંટણીઓમાં જીતીને ઈન્ડી ગઠબંધનનો કોન્ફીડન્સ તદ્દન ખતમ કરવા માગે છે.

એટલે આ ચૂંટણી જંગને બે રાજ્યોમાં યોજાઈ રહેલી સામાન્ય ચૂંટણી તરીકે ન જોવી જોઈએ. આ પૂરા દેશ માટે મહત્વની ચૂંટણી છે જેના પરિણામોની અસર આવનારા વર્ષોમાં સમગ્ર દેશની રાજનીતિ પર પડવાની છે. એટલે જ આ ચૂંટણી લડી રહેલા બંને ગઠબંધન, ભાજપ-શિવસેના (શિંદે)-એનસીપી(અજીત પવાર)ની મહાયુતિ અને કોંગ્રેસ-શિવસેના (ઠાકરે)-એનસીપી (શરદ પવાર)ની મહાવિકાસ આઘાડીએ પોતપોતાના પક્ષના મહારથીઓને પ્રચાર માટે ઉતાર્યા છે. ખુદ મોદી, યોગી અને અમિત શાહએ અનેક ચૂંટણીસભાઓને સંબોધીને મહાવિકાસ આઘાડી પર ત્રિપાંખીયો હુમલો કર્યો છે. ઉપરાંત આ ચૂંટણીમાં મહારાષ્ટ્રની જનતાના મતે સાચી શિવસેના કઈ? એકનાથ શિંદેની કે ઉદ્ધવ ઠાકરેની? તેમજ સાચી એનસીપી કઈ? શરદ પવારની કે અજીત પવારની? તેના પારખાં પણ થવાના છે.

આથી સર્વ મતદારોને અપીલ કરવામાં આવે છે કે આ અતિ મહત્વની ચૂંટણીમાં આપનો અમૂલ્ય મત આપવાનું ચૂકશો નહીં કારણ કે એના પરિણામોની અસર ફક્ત વર્તમાન જ નહીં, ભવિષ્યની પેઢીઓ પર પણ પડી શકે છે. આજે આપણો ધર્મ, સાંસ્કૃતિક પરંપરાઓ અને સંપત્તિ ધરાવવાનો અધિકાર એ બધું આ ચૂંટણીમાં દાવ પર લાગેલું છે, એટલે સમજી વિચારીને, કોઈ પણ પ્રકારની શેહ-શરમ કે દબાવમાં આવ્યા વિના કે દરેક રાજકીય પક્ષ દ્વારા અપાતી મફતની રેવડીઓની લાલચમાં આવ્યા વિના યોગ્ય ઉમેદવાર પર જ આપની પસંદગીની મહોર મારજો.

આજે યોજાઈ રહેલી ચૂંટણી સહિત તાજેતરના વર્ષોમાં યોજાયેલી ચૂંટણીઓ દરમ્યાન અમુક પક્ષો દ્વારા પ્રચારનું સ્તર ખૂબ જ નીચી કક્ષાએ ઉતરી ગયું છે. દેશ કે રાજ્યના વિકાસ કે પ્રગતિના મુદ્દા ઉઠાવવાને બદલે તેઓ સામા પક્ષના ઉમેદવારો અને નેતાઓ ઉપર હલકી કક્ષાની વ્યક્તિગત ટીકાઓ કરે છે. આમ બીજાની લીટી નાની કરીને પોતાની લીટી મોટી બતાવવાનો પ્રચાર કરતા રાજકીય પક્ષોના નેતાઓ અને તેમના ઉમેદવારોની વાતોથી ઘણીવાર આમ જનતા ભ્રમિત થઈ જાય છે અને અયોગ્ય ઉમેદવારને મત આપી બેસે છે અને પછી એ જનપ્રતિનિધિઓ જ્યારે દ્વારા પ્રજાને લૂંટીને પોતાના ખિસ્સા ભરે છે ત્યારે પસ્તાવાનો વારો આવે છે.

ચૂંટણી પ્રચાર દરમ્યાન વ્યક્તિગત ટીકાઓ અને હાસ્યાસ્પદ વાતો કરનારા ઉમેદવારોને બદલે મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય મુદ્દાઓ જેવા કે બેરોજગારી, કૃષિ સમસ્યાઓ, ઔદ્યોગિક વિકાસ, શૈક્ષણિક સુધારાઓ, અને શહેરી તથા ગ્રામીણ વિસંગતતાઓ અંગે સ્પષ્ટ અને લાંબા ગાળાનું વિઝન ધરાવતા ઉમેદવારોને મત આપીને રાજ્યનું ઉજળું ભવિષ્ય સુનિશ્ચિત કરવાની જરૂર છે.

ચૂંટણીમાં લોકોની ભાગીદારી જ લોકશાહી પદ્ધતિને મજબૂત બનાવે છે. વિધાનસભાની ચૂંટણી માત્ર મતો આપવાનો નહીં, પરંતુ આપની આવનારી પેઢીના ભવિષ્ય નિર્માણ માટે પણ પાંચ વર્ષમાં એક વાર જ આવતી તક છે. જે સ્થળે ચૂંટણીમાં મતદારોનો હિસ્સો વધે છે, ત્યાં સક્રિય લોકશાહી મજબૂત બને છે. મહારાષ્ટ્રની આ ચૂંટણી લોકશાહીના પાયાના મહત્વને પ્રતિબિંબિત કરે છે અને તે આપણે જેને અમૂલ્ય મત કહીએ છીએ તેનું ખરું મૂલ્ય જાણવા માટેની ઉત્તમ તક છે, આ તક વેડફાઈ ન જાય તે જોવાની દરેક જાગૃત મતદારની ફરજ છે.

## મુલુંડની વિવિધ હાઉસીંગ સોસાયટીઓમાં
# મતદાન કેન્દ્રોની સુવિધા

**હાલમાં જ્યાં મતદાન કેન્દ્ર છે તે સોસાયટીઓઃ**

૧. પામેકર સોસાયટી ઓફિસ (મુલુંડ-પૂર્વ)
૨. સુયોગ સોસાયટી, તિલક રોડ, મુલુંડ- પૂર્વ
૩. એકતા કો.ઓપ. હાઉ. સોસાયટી ઓફિસ, સંતોષી માતા મંદિર સામે, મુલુંડ-પશ્ચિમ

**મુલુંડ (વેસ્ટ)ની મતદાન કેન્દ્ર વાળી સોસાયટીઓઃ**

૧. વીણાસાગર કો.ઓપ. હાઉ. સોસાયટી
૨. લોક એવરેસ્ટ કો.ઓપ. હાઉ. સોસાયટી
૩. સિટી ઓફ જોય કો.ઓપ. હાઉ. સોસાયટી
૪. વિકાસ પેરેડાઈઝ કો.ઓપ. હાઉ. સોસાયટી
૫. રૂનવાલ એન્થોરિયમ કોમ્પલેક્સ
૬. નૂતન પ્રશાંત કો.ઓપ. હાઉ. સોસાયટી, તાંબેનગર.
૭. નવ અભય સહકારી ગૃહનિર્માણ સંસ્થા, તાંબેનગર
૮. સુધીર એપાર્ટમેન્ટ, તાંબેનગર
૯. ગોલ્ડન વિલોઝ કો.ઓપ. હાઉ. સોસાયટી
૧૦. રેડવુડ કો.ઓપ. હાઉ. સોસાયટી
૧૧. ઐશ્વર્યા હાઈટ્સ સોસાયટી
૧૨. નિર્મલ લાઈફ સ્ટાઈલ રેસિડેન્સી
૧૩. એટમોસ્ફીયર સોસાયટી, લિંક રોડ
૧૪. કોનાર્ક ઈન્દ્રપ્રસ્થ સોસા., સર્વોદયનગર

**મુલુંડ (ઈસ્ટ)ની મતદાન કેન્દ્ર સુવિધા ધરાવતી સોસાયટીઓ :**

૧. અવંતિકા કો.ઓપ. હાઉ. સોસાયટી લિ.
૨. સાંઈ શિલ્પ સોસાયટી, ગવનપાડા
૩. મુકુંદ કો.ઓપ. હાઉ. સોસાયટી
૪. શિલ્પી કો.ઓપ. હાઉ. સોસાયટી
૫. ન્યુ પીએમજીપી કોલોની, મ્હાડા કોલોની
૬. સુવિધા જવેલ્સ કો.ઓપ. હાઉ. સોસાયટી
૭. ભાવિની એન્કલેવ, સંત રામદાસ માર્ગ.

## મતદાન કેન્દ્રો ઉપર કામ ચલાઉ સુવિધાઓ અને સ્વચ્છતા માટે મનપા એક્શન મોડમાં

વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મતદાન કેન્દ્ર અને તેની આસપાસના પચાસ મીટરના પરીઘ વિસ્તારમાં સ્વચ્છતા રાખવા માટે મુંબઈ પાલિકાએ તૈયારી કરી છે. મતદાન કેન્દ્ર અને તેની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા, પીવાનાં પાણીની વ્યવસ્થા, મતદાન કેન્દ્ર પરના શૌચાલયોની સ્વચ્છતા વગેરે કામ માટે પાલિકાની તિજોરીમાંથી અંદાજે પાંચ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. પાલિકાની હદમાં આવતા તમામ મતદાન કેન્દ્ર સ્થળે સ્વચ્છતા રાખવા માટે પચીસ વિભાગીય કાર્યાલયોને વીસ લાખ રૂપિયાનું વિશેષ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે. લોકસભાની ચૂંટણી વખતે તહેનાત કરાયેલા કર્મચારીઓને મૂળભૂત સુવિધાઓના અભાવે ઘણું સહન કરવું પડયું હતું. અનેક મતદાન કેન્દ્ર પર સ્વચ્છ પ્રસાધનગૃહ, પીવાનાં પાણીની વ્યવસ્થા જ કરવામાં આવી નહોતી. તેથી મતદારો અને ચૂંટણી કર્મચારીઓને હેરાનગતિ થઇ હતી. તેથી આ વખતે તમામ સુવિધાઓ પૂરી પાડવા માટે પાલિકા પાંચ કરોડ રૂપિયા ખર્ચ કરવાની છે. પાલિકા દ્વારા પચીસ કાર્યાલયોને વીસ લાખ રૂપિયા પ્રમાણે પાંચ કરોડનું વિશેષ ભંડોળ પૂરૂં પાડયું છે. મતદાન કેન્દ્ર અને તેની આસપાસના વિસ્તારની સ્વચ્છતાની જવાબદારી સંબંધિત વિભાગના આસિસ્ટન્ટ એન્જિનિયરની રહેશે. આ સિવાય મતદાન કેન્દ્ર પર પ્રસાધનગૃહની વ્યવસ્થા ન હોય તો ત્યાં મોબાઇલ ટોઇલેટ ઉપલબ્ધ કરાવવાનો નિર્દેશ સંબંધિત વિભાગને આપવામાં આવ્યો છે.

મતદાન કેન્દ્રોની સ્વચ્છતા માટે જરૂરી કર્મચારીઓને તહેનાત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. તે માટે વિશેષ ભંડોળનો ઉપયોગ કરવાનું કહેવામાં આવ્યું છે. સ્વચ્છતા માટેના જરૂરી મશીન-સામગ્રીઓ ખરીદવા માટે ભંડોળ વાપરી શકાશે. સ્વચ્છતા કામ સિવાય અન્ય કોઇ કામ માટે આ ભંડોળનો ઉપયોગ કરી શકાશે નહીં એવી ચેતવણી પણ આપવામાં આવી છે.

## હાશમભાઈ ખત્રી હાડકા દર્દ નિવારણ કેન્દ્ર

'આર્ય નિવાસ ટ્રસ્ટ' અને 'અંકિતા કોર્પોરેશન' ના સથવારે 'બહેના' દ્વારા મુલુંડમાં આયોજીત કેમ્પમાં કચ્છ મુન્દ્રાના વૈદ્ય હાશમ ખત્રી દ્વારા હાડકાના દર્દો જેવાકે સાયટીકા, સ્પોન્ડિલાઈટીસ, ફ્રોઝન સોલ્ડર તેમજ ઘૂંટણ, એડી, કમર, મણકાના દુઃખાવા અને સાંધાનું પકડાઈ જવું વગેરે હઠીલા દર્દોના નિરાકરણ અને પ્રાથમિક સારવાર નિદાનનું કેમ્પ દ્વારા આયોજન શુક્રવાર, તા. ૨૨ નવેમ્બરના આર્ય નિવાસ ટ્રસ્ટ હોલ, વિકાસ સેન્ટર, છઠ્ઠે માળે, નેતાજી સુભાષ રોડ, મુલુંડ-પશ્ચિમ ખાતે કરવામાં આવ્યું છે. સમયની મર્યાદાઓને કારણે વહેલા તે પહેલા ધોરણે મર્યાદિત નામ લેવામાં આવશે. સંપર્કઃ શ્રીમતિ હિનાબેન સંઘવી : ૭૯૭૨૩૦૧૬૫૫

## ગુજરાતી વિચાર મંચ-મુંબઈ પ્રસ્તુત મહાભારત ધર્મ કે અધર્મ વિષે પ્રવચન

આજે તા.૨૦ નવેમ્બર બુધવારના સાંજે ૫.૩૦ થી ૮ દરમ્યાન તથાસ્તુ હોલ, મહાકવિ કાલિદાસ પરિસર, પુરુષોત્તમ ખેરાજ રોડ, મુલુંડ સ્થળે ગુજરાતી વિચાર મંચ મુંબઈ પ્રસ્તુત અમી ગણાત્રા દ્વારા મહાભારત ધર્મ કે અધર્મ વિષયક માહિતી સત્ર યોજાયું છે. આ કાર્યક્રમ મતદાનના દિવસે હોવાથી જેમણે મતદાન કરેલું હશે તેમને જ હોલમાં પ્રવેશ આપવામાં આવશે. કાર્યક્રમની શરૂઆતે અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે. વધુ વિગત માટે સંપર્ક કિશોર સર-૯૮૯૨૨૩૩૧૩૧

## કરાઓકે સિંગર્સ ક્લબનો આગામી કાર્યક્રમ

કરાઓકે સિંગર્સ ક્લબનો આગામી કાર્યક્રમ રવિવાર, તા.૨૪ નવેમ્બરના સાંજે ૫ કલાકે સાહિતી હોલ, મુલુન્ડ કોલોનીમાં રાખવામાં આવ્યો છે. તમામ સંગીતશોખીનો માટે ફ્રી એન્ટ્રી છે. વધુ વિગત માટે સંપર્ક : નિશા સોની - ૯૧૭૨૧ ૩૨૪૫૯.

Click Here

# શ્રી માઁ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ નરા-કચ્છ આયોજિત સામૂહિક ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની ઉત્સાહ ભેર પૂર્ણાહુતિ થઈ









શ્રી માઁ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ નરા ગૌશાળા અને જીવદયા કેન્દ્ર એવમ ગૌમુક્તિ ધામ દ્વારા આયોજિત ગૌશાળા અને જીવદયા કેન્દ્ર ના લાભાર્થે ત્રીજી સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞના પ્રારંભે તા. ૦૭ નવેમ્બરને ગુરૂવારના સવારે ૮.૩૦ અંબાજી ધામથી શોભાયાત્રાથી શરૂઆત થઇ. જેમાં વ્યાસપીઠ પર બિરાજમાન ભાગવતચાર્ય શ્રી વિશાલકૃષ્ણ જોશી, મુખ્ય આચાર્ય શ્રી પ્રવીણભાઈ જોશી, મુખ્ય યજમાન મીનાબેન મહેન્દ્રભાઈ ઠક્કર (પલણ)અને એમના કુટુંબી જનો,તેમજ હજારથી ઉપર પોથી યજમાનોને તેમના સગા સંબંધીઓ, ઉપસ્થિત વિવિધ સંસ્થાઓના આગેવાનો, વિશેષ મહાનુભવો તેમજ માઁ ગ્રુપના ટ્રસ્ટી ગણ, કારોબારી કમિટી, સભ્યો તેમજ અસંખ્ય ગૌભક્તો ની હાજરી સાથે શોભાયાત્રા ૧૦.૩૦ વાગ્યે ઇન્દ્રપ્રસ્થ હોલ પર પહોંચી. જ્યાં દીપ પ્રાગટ્યમાં સાધુ સંતોની સાથે સમાજના વિવિધ મહાનુભાવો તેમજ માઁ ગ્રુપના ટ્રસ્ટીઓની હાજરી હતી. મંગલાચરણ બાદ પહેલા દિવસના પહેલા સત્રની કથા વિરામ બાદ જય કેટરર્સના શ્રી નિશાંત ભાઈ કારિયા દ્વારા નિર્મિત મહાપ્રસાદને બધાએ ન્યાય આપ્યો. સપ્તાહ દરમિયાન આવતા વિવિધ પાવન પ્રસંગોમાં શિવ ચરિત્ર, નૃસિંહ પ્રાદુર્ભાવ, વામન પ્રાદુર્ભાવ, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન લીલા (છપ્પન ભોગ), કૃષ્ણ રૂક્મણી વિવાહ તેમજ સુદામા ચરિત્રની કથા માં વ્યાસાધીન ભાગવતચાર્ય શ્રી વિશાલ કૃષ્ણ જોશી એ ઉપસ્થિત હજારો ભાગવત ભગવાનના ભક્તોને રસ તરબોળ કરી પોતાની અમૃતમયી વાણી નો રસથાળ પીરસ્યો.કથા દરમિયાન આવતા દરેક પાવન પ્રસંગોમાં પોથી યજમાનો તેમજ દાતા યજમાનોના કુટુંબી જનોએ પ્રસંગ અનુસાર શિવ, નૃસિંહ,વામન, રામ લક્ષ્મણ, સીતા, હનુમાન, શ્રીનાથજી, વલ્લભા ચાર્ય, યમુના મહારાણી શ્રી કૃષ્ણ, શ્રી રૂક્મણી જેવા પાત્રો આબેહૂબ ભજવીને ઉપસ્થિત શ્રોતા જનો ને ભાવ વિભોર કર્યા.કૃષ્ણ જન્મ તેમજ રૂક્મણી વિવાહ પ્રસંગે શ્રોતાઓ તેમજ પોથી યજમાનોના મહેમાનોની સંખ્યા ૧૫૦૦ ની ઉપર હતી.આ જ્ઞાન યજ્ઞના ૫૦ થી ઉપર દાતાશ્રીઓ/મહાનુભવો નો આભાર માઁ ગ્રુપ કેમ ભૂલે, એમના આર્થિક સહયોગ વગર આ કાર્ય અશક્ય હોત. પોથી દીઠ ફક્ત ૧૧૧૧૧/-જેવી નજીવી રકમ લઈને પોથી યજમાનો એટલો રાજીપો વ્યક્ત કર્યો કે જાણે આ ભાગવત અમે અમારા ઘરે આગવી રીતે કરી. નારાયણ યજ્ઞના છેલ્લા દિવસે દરેક પોથી યજમાનો પોતાના ઘરે જતા જતા માઁ ગ્રુપના ટ્રસ્ટીઓ, કારોબારી કમિટી, કારોબારી સભ્યો નો સઅશ્રુ આભાર વ્યક્ત કરતા કરતા માઁ ગ્રુપને સેલ્યૂટ કરતા, ન ભૂતો ન ભવિષ્યતિ એવી ભાગવત કાર્યક્રમ આપી ને ઉપકાર વ્યક્ત કર્યો ને નરા ગૌશાળા સાથે સદા જોડાયેલા રહેશું એવી ઈચ્છા વ્યક્ત કરી. અંતમાં માઁ ગ્રુપના દરેક ટ્રસ્ટી શ્રી, કારોબારી પ્રમુખ, મંત્રી, ખજાનચી કમિટી સદસ્યો, કારોબારી સભ્યો પણ સાત દિવસ ખડે પગે ઊભા રહીને અવિરત સેવા અર્પીને અસંખ્ય પોથી યજમાનોએ એ સેવાને બહાલી આપી, એનાથી માઁ ગ્રુપ અભિભૂત છે જ. અહીં ફરીથી આર્થિક સહયોગ આપનાર દાતાશ્રીઓ, ઇન્દરપ્રસ્થ હોલની દરેક સેવા દાતાશ્રીઓ, અમને ગ્રાઉન્ડ (જમણવાર માટે) દાતાશ્રી, લાઈવ ટીવી પ્રસારણ આપનાર દાતાશ્રી, ફાયર ફાઇટર મશીન આપનાર દાતાશ્રી, વોકી ટોકીના દાતાશ્રી, બાજોટ પાટલા માટેના દાતાશ્રી, મુલુંડ પોલીસ, આરટીઓ, મંડપ ડેકોરેટર દાતાશ્રી, ફળ-ફુલ સપ્લાયર, રાજગોર હોલના ટ્રસ્ટીઓ, ઉપરાંત બીજા અસંખ્ય અનામી દાતાઓને લાખ લાખ ધન્યવાદને ગૌમાતા પ્રાર્થના છે કે ઈશ્વર તેમને નિરામય સ્વાસ્થ્ય અર્પેને ગૌશાળા લાભાર્થે આવા ભાગવતના ભગીરથ કાર્યમાં સદાય સહયોગ આપતાં રહે.



Accounts, Legal Compliances, Recovery and other related work for

CO-OPERATIVE HOUSING SOCIETY & COMMERCIAL / INDUSTRIAL PREMISES

Contact: Ashoek G Sharma on 91523 73196

Click Here

# વિવિધ સ્થળોએ મોર્નિંગ વોક માટે આવેલા નાગરિકોને મિહિર કોટેચા મળ્યા







વિધાનસભ્ય મિહિર કોટેચાએ શનિવારે સવારે ૭ વાગ્યે મુલુંડ પૂર્વમાં આવેલા ડો. એ.પી. જે. અબ્દુલ કલામ મનોરંજન ઉદ્યાન, છત્રપતિ સંભાજી રાજે મેદાન અને હાસ્ય ક્લબની મુલાકાત લીધી હતી. મોર્નિંગ વોક અને કસરત કરવા માટે આવેલા નાગરિકો સાથે તેમણે વાતચીત કરી હતી અને સૌને તંદુરસ્તી માટે શુભેચ્છા આપી હતી. શારીરિક સ્વસ્થતા જાળવવા માટે શું કરવું જોઇએ એ વિશે પણ આ નાગરિકો સાથે તેમણે ચર્ચા કરી હતી. આ ઉપરાંત મુલુંડ માટે રાજકીય નેતા તરીકે જે કામ કરવાના છે એની માહિતિ પણ મિહિર કોટેચાએ ત્યાં ઉપસ્થિત નાગરિકોને આપી હતી.






















Click Here

# સુર્યા આઈ હોસ્પિટલ દ્વારા બાળકોમાં લઘુદૃષ્ટિનું વહેલું નિદાન કરતા પશ્ચિમ ભારતમાં પ્રથમ અદ્યતન ઉપકરણ ઓક્યુલસ માયોપિયા માસ્ટરનું ઉદ્‌ઘાટન

## ૧૪-૨૦ નવેમ્બર દરમ્યાન નિ:શુલ્ક માયોપિયા સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન





સૂર્યા આઈ હોસ્પિટલએ પશ્ચિમ ભારતનું પ્રથમ ઓક્યુલસ માયોપિયા માસ્ટર લોન્ચ કર્યું છે, જે બાળકોમાં લઘુદૃષ્ટિ (માયોપિયા)ની પ્રગતિને ટ્રેક કરવા અને તેનું મેનેજમેન્ટ કરવા માટેનું અદ્યતન નિદાન સાધન (ડાયગ્નોસ્ટિક ટૂલ) છે. બાળકોમાં માયોપિયાના મેનેજમેન્ટ માટે યોજાએલ મીડિયા રાઉન્ડ ટેબલ દરમિયાન આ ડાયગ્નોસ્ટિક ટૂલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

માયોપિયા અંગે થયેલા અભ્યાસોએ જણાવ્યું છે કે ૨030 સુધીમાં, ૪0 ટકા ભારતીય બાળકોને માયોપિયા અથવા નજીકની દૃષ્ટિની ખામીને કારણે ચશ્માની જરૂર પડશે. વૈશ્વિક સ્તરે, ત્રણમાંથી એક બાળક અસરગ્રસ્ત છે, જેનો વ્યાપ ૧૯૯૦ અને ૨૦૨૩ ની વચ્ચે ત્રણ ગણો વધીને ૩૬ ટકા થયો છે, જે તેની વધતી જતી જાહેર આરોગ્ય અસરને દર્શાવે છે. ૨૦૫૦ સુધીમાં લગભગ ૬૯ ટકા વસ્તી મધ્યમ માયોપિયાના જોખમ સાથે એશિયામાં સૌથી વધુ અસરગ્રસ્ત થવાનો અંદાજ છે.

આ બાબતે વધુ જાગૃતિ ફેલાવવા અને માયોપિયાનું વહેલું નિદાન કરવા માટે, સૂર્યા આઇ તેની બાંદ્રા અને મુલુંડ સ્થિત આંખની હોસ્પિટલ્સમાં ૧૪ થી ૨૦ નવેમ્બરના, નેશનલ માયોપિયા વીક દરમિયાન, એક અઠવાડિયાના ફ્રી માયોપિયા સ્ક્રીનિંગ કેમ્પનું પણ આયોજન કરી રહી છે. મહારાષ્ટ્રમાં કરવામાં આવેલા બે વસ્તી આધારિત અભ્યાસમાં ૨૯ વર્ષ અને તેથી વધુ વયના લોકોમાં માયોપિયાનો વ્યાપ ૧૫.૩ ટકા અને ૧૭ ટકા હોવાનું જણાયું છે.માયોપિયાના વ્યાપ અંગે વધતી આ ચિંતાને દૂર કરવામાં આ પહેલ વધુ મહત્વ ધરાવે છે.

માયોપિયા માસ્ટર સાધન આંખના નિર્ણાયક પરિમાણોને માપવા માટે સંપર્ક રહિત, પીડા રહિત અભિગમનો ઉપયોગ કરે છે, જે સચોટ દેખરેખ અને વ્યક્તિગત સારવારની યોજનાઓ માટે પરવાનગી આપે છે. માયોપિયા માસ્ટર જર્મની અને ઓસ્ટ્રેલિયાના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે.

સૂર્યા હોસ્પિટલના વરિષ્ઠ આંખના નિષ્ણાત અને ડિરેક્ટર ડો. વિનોદ ગોયલે જણાવ્યું હતું કે, ''માયોપિયા એ વૈશ્વિક સ્વાસ્થ્ય સમસ્યા છે જેના માટે સક્રિય પગલાં લેવાની જરૂર છે. માયોપિયા માસ્ટરની શરૂઆત જેવી પહેલ દ્વારા, અમારો હેતુ વ્યાપક, નિવારક સંભાળ પૂરી પાડવાનો છે જે અસરગ્રસ્ત બાળકો માટે પરિણામોમાં સુધારો કરે છે. માયોપિયા માસ્ટર દ્વારા અમે દરેક બાળકને સ્પષ્ટ, સ્વસ્થ દ્રષ્ટિની તક આપીને આ સ્થિતિને વહેલી તકે શોધી અને તેનું મેનેજમેન્ટ કરવાનો ધ્યેય રાખીએ છીએ.''

ડો. જય ગોયલ, લેસિક અને રેટિના સ્પેશિયાલિસ્ટ અને સૂર્ય આઈ હોસ્પિટલના ડાયરેક્ટરએ વધુમાં ઉમેર્યું હતું કે, ''પશ્ચિમ ભારતમાં માયોપિયા માસ્ટરની સર્વ પ્રથમ શરૂઆત કરવા બદલ અમને ગર્વ છે. વધુ સચોટ નિદાન અને વ્યક્તિગત સંભાળ માટેના પ્લાન પ્રદાન કરીને, અમે બાળકોની ચશ્મા પરની નિર્ભરતામાં નોંધપાત્ર ઘટાડો કરી શકીએ છીએ, અને રેટિના ડિટેચમેન્ટ અને ગ્લુકોમા જેવા લાંબા ગાળાના જોખમોને ઘટાડી શકીએ છીએ.''




Click Here

| વિદ્યાર્થીઓના નામ | કાતા ઈવેન્ટમાં મેડલ | કુમિતે ઈવેન્ટમાં મેડલ |
|---|---|---|
| માયરા ખાટી | કાંસ્ય | – |
| માયરા તાંબે | ગોલ્ડ | બ્રોન્ઝ |
| શક્તિવેલ ઉદૈયર | ગોલ્ડ | ગોલ્ડ |
| અમન ગવળી | ગોલ્ડ | બ્રોન્ઝ |
| પર્ણવી અમકર | કાંસ્ય | – |
| જયસ્વી કારાણી | ગોલ્ડ | – |
| યુગ ટુકલિયા | ગોલ્ડ | ગોલ્ડ |
| અનુહ્યા નેવસે | ગોલ્ડ | – |
| કરીના શિગવન | બ્રોન્ઝ | ગોલ્ડ |
| શાશાવત જાધવ | ગોલ્ડ | બ્રોન્ઝ |
| પાર્થ નાગડા | સિલ્વર | સિલ્વર |
| ભુવન બામ ઠાકુર | ગોલ્ડ | બ્રોન્ઝ |
| ઓમહારી કુપ્પા | સિલ્વર | – |

## FSKA વર્લ્ડ કપ કરાટે ચેમ્પિયનશિપમાં મુલુંડના વિદ્યાર્થીઓની ઝળહળતી સફળતા




૨૪મી Funakoshi Shotokan Karate Association વર્લ્ડ કપ કરાટે ચેમ્પિયનશિપ ૭ થી ૧૦ નવેમ્બર દરમિયાન ગોવાના પેડેમ ઇન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી. આ આંતરરાષ્ટ્રીય કરાટે ટુર્નામેન્ટમાં લગભગ ૨૦ દેશોમાંથી ૨૦૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. મુલુંડના ઓમ સ્પોર્ટ્સ શોટોકન કરાટે એસોસિએશનના પ્રેસિડેન્ટ ઓમહારી વી કુપ્પા હેઠળ તાલીમ પામેલા વિદ્યાર્થીઓએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો અને વિવિધ કેટેગરીમાં અનેક મેડલ જીતીને મુલુંડને ગૌરવ અપાવ્યું હતું.

## સારસ્વત વાડીમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણ

બ્રહ્મલીન પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજની ગુરૂવાર, તા. ૨૧ નવેમ્બર ૨૦૨૪ના ૩૪ મી પુણ્યતિથિનાં પાવન પ્રસંગે શનિવાર, તા.૧૬ નવેમ્બર ૨૦૨૪ થી શુક્રવાર, તા.૨૨ નવેમ્બર ૨૦૨૪ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન શ્રી સારસ્વત વાડી, પહેલે માળે, ઝવેર રોડ રોડ, મુલુંડ (વેસ્ટ) ખાતે બપોરે ૩.૩૦ થી સાંજના ૭.૦૦ સુધી કરવામાં આવેલ છે. વક્તા તરીકે પંડિત રાજેશભાઈ પીતાંબર જોશી બિરાજેલ છે.. ભાગવત કથા બાબતે વધુ વિગત માટે સંપર્ક : ૯૮૨૦૩૩૮૮૫૪

## મુલુંડના વ્યાપારીઓને અચૂક મતદાન કરવા માટે શોપકીપર્સ વેલફેર એસો.નું આવાહન

માનનીય વેપારી મિત્રો આજે ૨૦ નવેમ્બરને બુધવારના રોજ મહારાષ્ટ્ર રાજ્યની ચૂંટણીનું મતદાન છે, આપ સૌ સભ્યોને ખાસ વિનંતી છે કે આ વખતે ૧૦૦% મતદાન થવુ જોઈએ.

ચૂંટણીમાં તમને પાંચ વર્ષમાં માત્ર એક જ વાર મત આપવાનો અધિકાર મળે છે, એટલા માટે તમારી ફરજ છે કે તમે જેને ઈચ્છો તેને મત આપો, પરંતુ દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે ૧૦૦% મતદાન થવું ખૂબ જ જરૂરી છે. જે તમારા માટે અને રાજ્ય માટે પણ તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આજે ૨૦ નવેમ્બર બુધવારના રોજ મતદાન કરીને તમારો અવાજ અવશ્ય બુલંદ કરો, કારણ કે લોકશાહીમાં જેની સંખ્યા વધુ હોય તેનો અવાજ વધારે સંભળાય છે, આ હકીકતને ધ્યાનમાં રાખીને મતદાન ૧૦૦% થવું જોઈએ, આમ જોઈએ તો માત્ર અડધા કલાકનો સમય ફાળવવાનો જ પ્રશ્ન છે. આ લોકશાહી ઉત્સવમાં ભાગ લઈને તમારી પ્રતિબદ્ધતા મજબૂતીથી દર્શાવશો એવું આવાહન શોપકીપર્સ વેલફેર એસોસિએશનના પ્રમુખ અતુલ કોઠારીએ કર્યું છે.




Your Business Advertisement
In Our SOCIAL MEDIA
Contact :9322257731

## ડાયાબિટીસની કોમ્પ્લિકેશન્સ માટે ક્યારે અને શેની તપાસણી કરાવવી? : એક માર્ગદર્શિકા




જો તમને ડાયાબિટીસ હોય, તો તમે જાણો છો કે તેને લીધે થતી સ્વાસ્થ્યની જટિલ સમસ્યાઓ (કોમ્પ્લિકેશન્સ) અટકાવવા માટે તમારા બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવું કેટલું મહત્વપૂર્ણ છે. પરંતુ શું તમે જાણો છો કે ડાયાબિટીસ સંબંધિત કોમ્પ્લિકેશન્સ માટે નિયમિત પરીક્ષણ પણ નિર્ણાયક છે? ડાયાબિટીસની કોમ્પ્લિકેશન્સ માટે તમારે ક્યારે પરીક્ષણ કરવું જોઈએ તેની માર્ગદર્શિકા અહીં આપી છે:

કાર્ડિયોવેસ્ક્યુલર સ્ક્રિનિંગ: હાઈ બ્લડ પ્રેશર, હાઈ કોલેસ્ટ્રોલ અને હૃદયરોગ માટે વર્ષમાં એકવાર અથવા વધુ વખત કરાવવી જરૂરી છે. જો તમે ધૂમ્રપાન કરતા હો અથવા હૃદય રોગનો પારિવારિક ઇતિહાસ જેવા વધારાના જોખમી પરિબળો હોય તો વર્ષમાં એકથી વધુ વખત નિયમિત તપાસ કરાવવાની ભલામણ કરવામાં આવે છે.

આંખની તપાસ: ટાઈપ વન ડાયાબિટીસ ધરાવતા લોકોએ ડાયાબિટીસનું નિદાન થાય તેના પાંચ વર્ષની અંદર તેમની પ્રથમ વાર આંખની તપાસ કરાવવી જોઈએ, જ્યારે ટાઈપ ટુ ડાયાબિટીસ ધરાવતા લોકોએ ડાયાબિટીસના નિદાન સમયે જ આંખની પ્રથમ વાર પરીક્ષા કરાવવી જોઈએ. તે પછી, દર વર્ષે આંખની સંપૂર્ણ અને વ્યાપક પરીક્ષા કરાવવાની ભલામણ કરવામાં આવે છે.

કિડનીના કાર્યની તપાસણી: ડાયાબિટીસના દર્દીઓએ વર્ષમાં ઓછામાં ઓછું એક વખત પ્રોટીન માટે પેશાબની તપાસ કરવાની ભલામણ કરવામાં આવે છે, અને કિડનીના કાર્ય (ક્રિએટિનાઇન) માટે રક્ત પરીક્ષણ વર્ષમાં ઓછામાં ઓછું એક વાર કરાવવું જોઈએ.

પગનું પરીક્ષણ : ડાયાબિટીસના દર્દીને વર્ષમાં ઓછામાં ઓછા એક વખત પગનું પરીક્ષણ કરાવવાની ભલામણ કરવામાં આવે છે, પરંતુ જો તમારા નજીકના કુટુંબમાં કોઈને પગની સમસ્યાઓનો ઇતિહાસ હોય તો એકથી વધુ વખત પગની તપાસણી કરાવવી જોઈએ. આ પરીક્ષણમાં જ્ઞાનતંત્રને નુકસાન, લોહીના પરિભ્રમણની સમસ્યાઓ અને ત્વચા અથવા નખમાં થતા કોઈપણ ફેરફારોની તપાસ સામેલ હોવી જોઈએ.

દાંતની તપાસણી: ડાયાબિટીસ ધરાવતા દર્દીએ દર છ મહિને દાંતની તપાસ અને સફાઈ કરાવવાની ભલામણ કરવામાં આવે છે.

આ નિયમિત સ્ક્રિનિંગ ઉપરાંત, જો તમને ડાયાબિટીસની કોમ્પ્લિકેશન્સ, જેવી કે દ્રષ્ટિમાં ફેરફાર, પગ અથવા હાથમાં નિષ્ક્રિયતા આવે અથવા કળતર થાય અથવા સતત પગમાં ચાંદા થતા હોય, તો તમારે તમારા ડોક્ટર સાથે પણ વાત કરવી જોઈએ.

ઉપર જણાવેલ પરીક્ષણો નિયમિત કરાવીને તેમ જ તે દરમ્યાન કોઈપણ લક્ષણો દેખાય તો તે માટે તાત્કાલિક તબીબી સહાય મેળવવાથી, તમે ડાયાબિટીસ-સંબંધિત કોમ્પ્લિકેશન્સને અટકાવી શકો છો અથવા તેનું મેનેજમેન્ટ કરી શકો છો અને સારું સ્વાસ્થ્ય જાળવી શકો છો. ડાયાબિટીસની કોમ્પ્લિકેશન્સ માટે ક્યારે પરીક્ષણ કરાવવું તે વિશે આજે જ તમારા ડોક્ટર સાથે વાત કરો.

Click Here

# ગુરૂ નાનક જયંતિ નિમિત્તે મિહિર કોટેચાએ વિવિધ ગુરૂદ્વારાઓની મુલાકાત લીધી







વિધાનસભ્ય મિહિર કોટેચાએ ગુરુનાનક જયંતિ નિમિત્તે મુલુંડના વિવિધ ગુરૂદ્વારાઓની મુલાકાત લીધી હતી અને શીખ બાંધવોને આ પવિત્ર દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી.

મિહિર કોટેચાએ જણાવ્યું હતું કે ગુરૂ નાનકના એકતાના સંદેશાને ભારતીય જનતા પક્ષે સાક્ષાત્કાર કર્યો છે. તેમણે કહ્યું હતું કે ગુરૂ નાનકના વિચારો મારા માટે પ્રેરણાનો સ્ત્રોત છે. એ અનુસાર હું સમાજની સેવા કરવા માટે હંમેશાં તત્પર રહીશ.





# ગોલ્ડન એજ ગ્રુપનો ૨૧મા પ્રોગ્રામની ઉજવણી કરાઈ



ગોલ્ડન એજ ગ્રુપનો એકવીસમો પ્રોગ્રામ તા.૧૪ નવેમ્બરને ગુરૂવારે ૪ થી ૬ દરમ્યાન વિકાસ સેન્ટર આર્ય નિવાસ ટ્રસ્ટ હોલમાં આયોજિત કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં આ મહિનામાં જેમના જન્મ દિવસ આવી રહ્યા છે તેઓને શુભેચ્છાઓ આપવામાં આવી. આજે મુલુંડના અપક્ષ ઉમેદવાર શ્રી કેશવ મધુકર જોષીને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે સિનિયર સિટીઝન તેમજ મહિલાઓને લગતી વિવિધ સરકારી યોજનાઓની માહિતી સમજાવી હતી અને એમાં મદદરૂપ થવા માટે જવાબદારી પણ લીધી હતી. આજનો નાસ્તો દિપ્તીબેન વોરાણી, સોનલબેન શાહ અને જયશ્રીબેન કોઠારી તરફથી આપવામાં આવ્યો હતો અને બે બે વોટર બોટલ દિવ્યાબેન શાહ તરફથી આપવામાં આવી હતી. ગ્રુપને વિકાસ સેન્ટર, આર્ય નિવાસ હોલના ટ્રસ્ટી સંદિપભાઇ પોપટ તેમજ અંકિતા ડેકોરેટરસના જીતુભાઈનો સહયોગ મળ્યો હતો. નવા વર્ષની મેમ્બરશીપ તા. ૨૮ નવેમ્બર બપોરે ૩ થી ૪ દરમ્યાન વિકાસ સેન્ટર આર્ય નિવાસ હોલમાં લેવામાં આવશે. નવા મેમ્બરો આવકાર્ય છે. વધુ વિગત માટે સંપર્ક કરો-પ્રધુમનભાઇ ગાંધી : ૯૮૬૭૬૬૨૩૬૦ મીના ઠક્કર : ૯૮૨૧૯૪૬૭૫૮


શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા
આયોજિત
સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથા પારાયણ જ્ઞાનયજ્ઞ
કથા પ્રારંભઃ વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ-૯ રવિવાર, તા.૨૪-૧૧-૨૦૨૪
કથા વિરામઃ વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ-૧૪ શનિવાર, તા.30-૧૧-૨૦૨૪
કથા સ્થળઃ
શ્રી કૃષ્ણધામ, રામબાગ પટાંગણ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (ઈસ્ટ), સે.રે.
કથાશ્રવણઃ સાંજે ૪ થી ૭
અંતિમ દિવસે સવારે ૯.30 થી ૧૨.30
વ્યાસપીઠ સ્થાને મુખ્ય વક્તા ભાગવતાચાર્ય પ.પૂ. શ્રી આશિષભાઈ વ્યાસ
મુખ્ય યજમાન
શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા
મુખ્ય આચાર્ય પંડિતશ્રી દીપક મહારાજ ખરાશંકર પંડ્યા
ભાગવત સપ્તાહના દૈનિક ઉત્સવ કાર્યક્રમ
પ્રથમ દિવસ - રવિવાર, તા.૨૪ નવેમ્બર ૨૦૨૪
બપોરે ૩.૦૦ કલાકે પોથીયાત્રા, શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિર તેલંગ રોડથી પ્રારંભ
બપોરે ૪.૦૦ કલાકે દીપક પ્રાગટ્ય અને પ્રાસંગિક ઉદ્બોધન
સાંજે ૫.૦૦ કલાકે કથા પ્રારંભ
બુધવાર, તા.૨૭ નવેમ્બર ૨૦૨૪
સાંજે ૬ કલાકે શ્રી રામ જન્મ,સાંજે ૭ કલાકે શ્રીનંદ મહોત્સવ
ગુરુવાર, તા.૨૮ નવેમ્બર ૨૦૨૪
સાંજે ૭ કલાકે શ્રી ગોવર્ધન પૂજા/અન્નકૂટ
શુક્રવાર, તા.૨૯ નવેમ્બર ૨૦૨૪
સાંજે ૭ કલાકે રૂક્ષ્મણી વિવાહ
આ પ્રસંગમાં જ્ઞાતિ પરિવારના એક યુવા જોડલાના વિધિવત રીતે લગ્ન સંસ્કાર કરાવી અપાશે. સંપૂર્ણ કરિયાવર મંડળ કરશે.
કથા વિરામ દિવસ
શનિવાર, તા.30 નવેમ્બર ૨૦૨૪
સવારે ૯.30 થી ૧૨.30 કથા શ્રવણ
બપોરે ૩.30 થી ૫.30 દશાંશ યજ્ઞ
સાંજે ૬ કલાકથી બ્રહ્મભોજન
સૌ ભાવિકજનોને ભાગવત કથા શ્રવણનો લાભ લેવા પધારવાનું ભાવપૂર્વકનું હાર્દિક આમંત્રણ છે.
જ્ઞાતિ પરિવારોને આવાહન
તા.૨૯ નવેમ્બર શુક્રવારના રૂક્ષ્મણી વિવાહ ઉત્સવમાં જ્ઞાતિ પરિવારના એક યુવા જોડેલા વિધિવત રીતે લગ્ન સંસ્કાર કરાવી અપાશે. સંપૂર્ણ કરિયાવર મંડળ કરશે. બંને પાત્રના પરિવાર કચ્છી લોહાણા હોવા જરૂરી. વહેલા તે પહેલાના ધોરણે માત્ર એક લગ્નની નોંધણી થશે જે માટે મંડળ કાર્યાલયનો સંપર્ક કરવો.
વધુ વિગત માટે સંપર્ક : 97028 85095, 93202 31999, 93243 50001, 88798 11050




દ્વિતીય પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ





જન્મ : ૧૩/૯/૧૯૩૭
શ્રીજીશરણ : ૨૦/૧૧/૨૦૨૨
શ્રી મૂલરાજ મોરારજી કક્કડ (ઠક્કર)
(કચ્છ ભાદરો નિવાસી હાલ મુલુન્ડ - મુંબઈ)
અમારા જીવન ના ઘડવૈયા તમે, તમારા સંસ્કારો થી શોભતા અમે,
સંઘર્ષ તમે કર્યા અને સુખ અમને મળ્યા, કર્મ તમે કર્યા ફળ અમને મળ્યા,
કોઈ કહે સુહાસ ફેલાવીને ગયા, કોઈ કહે પરિવારના પાયા રૂપી મોભી ગયા,
અમે કહીશું કે અમારા તો સર્વેસર્વા ગયા.
પત્ની : સ્વ. ભાનુબેન મૂલરાજ કક્કડ
માતા-પિતા : સ્વ. લક્ષ્મીબેન અને સ્વ. મોરારજી ગાંગજી કક્કડ
તથા સમસ્ત ઠક્કર પરિવાર
ફર્મ : મૂલરાજ મોરારજી એન્ડ કંપની (નાળિયેર વાળા)
મોરસન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ
Print Master


Click Here



# જયેષ્ઠ નાગરિકો અને દિવ્યાંગજનોએ ઘેર બેઠા મતદાન અધિકાર બજાવ્યો

ચૂંટણી પંચે મત આપવા માટે મતદાન કેન્દ્ર સુધી જઈ ન શકનારા ૮૫ વર્ષ અને એનાથી મોટી ઉંમરના સિનિયર સિટિઝનોને ઘેરબેઠાં બેલટ પેપરથી મત આપવાની સુવિધા શરૂ કરી છે. આ સુવિધામાં વિધાનસભાની ચૂંટણીમાં મુંબઈમાં મતદાન કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી ટાઉન અને સબર્બ્સમાં મળીને કુલ ૫૬૪૨ સિનિયર સિટિઝન અને દિવ્યાંગોનું મતદાન થઈ ગયું હોવાનું રાજ્યના ચૂંટણી પંચે જણાવ્યું હતું.

મુંબઈ ટાઉનમાં આવેલી ૧૦ બેઠકમાં ૧૯૨૨ સિનિયર સિટિઝન અને ૧૮૭ દિવ્યાંગ સહિત કુલ ૨૧૦૯ લોકોએ બેલટ પેપરથી મતદાન કર્યું હતું. સબર્બ્સમાં આવેલી ૨૬ બેઠકમાં ઘેરબેઠાં મતદાન કરવા માટે ૪૩૪૯ લોકોએ નોંધણી કરાવી હતી એમાંથી દિવ્યાંગ મતદાર સહિત ૩૫૩૩ સિનિયર સિટિઝનોએ મતદાન કર્યું હતું.

મુલુંડમાં ઘરેથી મતદાન કરવા માંગતા કુલ્લ ૪૯૮ જણએ અરજી કરી હતી. જે સમગ્ર મુંબઈમાં હાઈએસ્ટ છે. ભાજપના કાર્યકરોએ કરેલ મહેનતના ફળ સ્વરૂપે આટલું હકારાત્મક પરિણામ મળ્યું છે. મુલુંડમાં સોમવાર સુધી ૨૫૦ જેટલા નાગરિકો મતદાનની ફરજ બજાવી છે.

# શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટની સ્વેટર વિતરણ માટે સહયોગ આપવા અપીલ

શ્રી નિમેષ તન્ના ચેરિટેબલ ટ્રસ્ટ રાજ્યના દહાણુ, પાલઘર જેવા પછાત અને આદિવાસી વિસ્તારની શાળાઓના ૫૦૦ જેટલા બાળકોનો ઠંડીની મોસમથી બચાવ થાય એ માટે આગામી સપ્તાહે સ્વેટર વિતરણ કરવાનું આયોજન કરેલ છે. એક સ્વેટરની અંદાજિત કિંમત રૂા.૨૨૫ છે. આ માટે કોઈપણ ઉદારદિલ દાતા સ્વૈચ્છિક યોગદાન આપવા ઈચ્છુક હોય તેઓએ મો.નં. ૮૪૫૧૮૨૮૦૮૦ તથા વોટસએપ નં.૯૦૦૪૧૩૫૮૫૮નો સંપર્ક કરે.



Nikita Yadav
Mob.: 7021817988
NIKITA MEHENDI
Indian Mehendi
Arabic Mehendi
Floral Mehendi
Home Service Available

New Arrival
કીંગ સાઈઝ હેન્ડવર્ક, પેચવર્ક, કટવર્ક બેડશીટ+ પીલો.
કાથાવર્ક, હેન્ડવર્ક ડ્રેસ મટિરીયલ, M to 9 XL
Kurti, Western Top, M to 5 XL Christmas Gown, Pent's, Nighty
Many More Special Big Size Top, Kurti.
Hemangi Dedhia - 9987897979

Flats For Sale In Redwood, Mulund West
2.5 BHK
Area - 1160 sq ft built up
Approx 930 Sq.ft carpet
Price - 2 Cr, Parking available
1 BHK
Area - 575 Sq.ft Built up
Approx 450 Sq ft Carpet
Price - 1.0 Cr,
Parking Not available
2 BHK
Area - 945 Sq ft Built up
Approx 725 Sq ft carpet
Price - 1.6 Cr, Parking available
9082041567
8928612125

Momrushi Herb
ચંદ્રકાંતભાઈ હાડવૈદ
અને નાડીવૈદ (સૌરાષ્ટ્રવાળા)
Morning : 10.30 am to 1 pm
Evening : 4.30 pm to 8.30 pm

સાઈડ ઈફેક્ટ વગર વજન ઘટાડો (ફાકી)
હાય ડાયાબિટીસ કંટ્રોલ (ફાકી)
સંધિવા પિડા રાહત (ફાકી)
અશ્વગંધા એક્સ્ટ્રેક્ટ ટેબલેટ
સ્નાયુ પીડા રાહત રોલ ઓન તેલ
Specialist : Sciatica, Arthritis, Spondylosis and Bone Setter Ayurvedic Treatment.
Weight Loss Powder, High Diabetes Powder available
Konark Darshan, B-109, 1st Floor, Zaver Road, Near Jain Derasar, Mulund (W), Mumbai - 80.
Email : momrushiherb@gmail.com
Website : chandrakantbhaihadvaidya.in
Contact : 98678 91778 90823 88072

Sweet Indulgence
HEALTHYLICIOUS MUNCHING
• Cookies
• Oats Cookies
• Wheat Cookies
• Nutrition Bars
• Date Bars
• Jaggery Bars
• Granola
• Nut Butter

Heena Pravin Sumaria
0, 62-1-A, Mulund Colony, Guru Gobind Singh Marg, Mulund (W) Mumbai- 400082.
Website : www.sweetindulgence.in
Email : heena.sweetindulgence@gmail.com
Contact : HEENA SUMARIA +91-9699830446

SHOW YOUR VOTING MARK AND GET
20% DISCOUNT
ON ALL ITEMS
*Offer available upto 26th Nov.2024
Maharashtra Assembly Election 2024

VOTE FOR FUTURE
VOTE FOR DEVELOPMENT
VOTE FOR BETTER INDIA
VOTING DAY :
WEDNESDAY
20 NOV. 2024
ITS YOUR RIGHT.....
GO VOTE

Click Here



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા.૨૦ નવેમ્બર - ૨૬ નવેમ્બર ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** નિયમિત અંતરે એકનો એક અણસાર વારંવાર મળતો રહે તો એને કુદરતી સંકેત માનીને ચાલજો. કોઈ તમારી પ્રગતિને રોકી રહ્યું છે અને કોઈ નકારાત્મા શક્તિ તમને અવરોધે છે એવો ભાસ થશે. અમૂક લોકો તમને ઉતારી પાડવાનો પ્રયાસ કરશે ત્યારે મક્કમતાથી વર્તજો. આત્મસન્માનની ભાવના દ્રઢ બનાવો, લક્ષ્ય ઊંચું રાખો અને તમે શ્રેષ્ઠના હકદાર છો ત્યારે એનાથી ઓછું શા માટે સ્વીકારવું? એનો વિચાર કરજો. ઝડપી નિર્ણયવાળાના મક્કમ પગલાથી આગળના વિકાસનો માર્ગ સ્પષ્ટ બનવા લાગશે. અપરિણીતોને કોઈ ચહિતી વ્યક્તિ તરફથી પ્રેમની લાગણીનો પ્રતિસાદ મળતાં જ સાનંદાશ્ચર્ય થશે.

**વૃષભ (બ,વ,ઉ) :** મનમાં ઘૂંઘવાયા કરો છો એના બદલે સમસ્યાનો સામનો કરો એવી મારી સલાહ છે. બિઝનેસમાં કેટલાક નવા પરિચયો થશે અને કામકાજ સંબંધી એક પ્રવાસને કારણે અત્યંત વ્યસ્ત સમયની શરૂઆત થઈ જશે. કરીઅરને આગળ વધારવાનો સમય છે માટે જોશથી આગળ વધવાની સલાહ છે. પ્રિયજન સાથે લાગણીશીલ અને પ્રસન્ન સમય માણી શકશો, જેના કારણે બન્ને વચ્ચે પોતીકાપણાની ભાવના જાગૃત થશે. પરિવારના મહત્વના પ્રશ્નો ચર્ચા દ્વારા ઊકેલી શકશો. એ પ્રશ્નોમાં કેટલીક અણગમતી સમસ્યાઓ પણ હશે. જોકે છેવટનું પરિણામ સુખદ આવશે. તબિયતની વિશેષ કાળજી લેજો.

**મિથુન (ક,છ,ઘ) :** તંદુરસ્ત સ્પર્ધા, રચનાત્મક ટિકા અને આનંદદાયક ચર્ચા તમારી કળાની કસોટી કરશે. આગામી દિવસોમાં સામાજિક પ્રવૃત્તિમાં અગ્રસ્થાને રહી શકશો. અત્યારનો સમય પરિવર્તનનો હોવાથી વર્તમાન ક્ષણોમાં સાવધાનીથી વર્તો એવી મારી સલાહ છે. તમે શ્રેષ્ઠ છો એ પુરવાર કરવાની ઈચ્છાને પગલે મનમાં રોષની આગ જલતી રહેશે અને એને યોગ્ય દિશામાં વાળશો તો શ્રેષ્ઠ પરિણામ મેળવી શકશો એમ દેખાય છે. જેના પર વિશ્વાસ હોય અને આદર કરતા હો એવી વ્યક્તિની સલાહ લાભદાયી રહેશે. સોના-ચાંદી કે ધાતુમાં રોકાણ ફાયદો કરાવશે. કેટલાક સમયથી ઘરમાં સમારકામનું વિચારી રહ્યા હો તો આ સમય યોગ્ય છે.

**કર્ક (ડ,હ) :** થોડા સમયથી ખાસ વ્યક્તિ પ્રત્યેના વળગણમાં વધારો થયો છે? જો એમ હોય તો તમારી એ મોટી ભૂલ હશે. નવા સંબંધ કે મૈત્રીમાં એકબીજાને બરાબર ઓળખી ન લો ત્યાં સુધી સંબંધ જેમ ચાલે એમ ચાલવા દો. માતા-પિતાની સલાહ ધ્યાનથી સાંભળવાનો સમય છે. કામકાજ સંબંધી પ્રવાસ ઘણા નવા માર્ગ ખુલ્લા કરી આપશે. આંતરિક શક્તિ તમને આગળ વધવાનું બળ આપી શકે એમ છે માટે આદતોની બાબતમાં શિસ્તબધ્ધ બનશો તો મનને શિસ્તમાં રાખી શકશો ને આગળ વધી શકશો એવું જણાય છે. જીવનમાં બનનારી અત્યંત મહત્વની ઘટના માટે આ સપ્તાહ તૈયાર રહેજો.

**સિંહ (મ,ટ)** : તમે કોઈએ કરેલા ઉપકારને સહેલાઈથી વિસરી શકો એવા નથી. સાથોસાથ કોઈએ કરેલું અપમાન પણ યાદ રાખો એવા છો. જોકે હમણાં-હમણાં ભૂતકાળને ભૂલી જતા અને દરગુજર કરતા શીખી ગયા છો એ સારી વાત છે. ઈચ્છાથી કે સંજોગોવશાત્ એકાંતમાં સમય વિતાવવાનો સમય છે. આધ્યાત્મિક બાબતોમાં તમારી રૂચિ વધી શકે છે. નાની નાની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડે એવી સંભાવના છે. અસાધારણ ઘટના બનવાનો અણસાર કદાચ હકીકતમાં ફેરવાઈ શકે છે. અપરિણીતોની મુલાકાત રસપ્રદ વિજાતીય વ્યક્તિ સાથે થઈ શકે છે. એ મુલાકાતને કારણે જીવનમાં ઊત્સાહ વ્યાપી જશે.

**કન્યા (પ,ઠ,ણ)** : એક મિત્ર પ્રત્યે નારાજ થવાને બદલે તેને શંકાનો લાભ આપો. એ પ્રકારના અભિગમ દ્વારા મન અને હૈયુ હળવું થઈ જશે તથા મહત્વના કાર્યો ઊકેલવાનો માર્ગ મોકળો થઈ જશે એમ જણાય છે. એક સંબંધીએ અગત્યનો નિર્ણય લેવાનો હશે અને એ પછી જીવનમાં આગળ વધવાનું હશે. તેમને મદદરૂપ બનવામાં તમે ખૂબ વ્યસ્ત બની જાઓ એવી સંભાવના છે. પસંદગીના ક્ષેત્રમાં સારી તક મેળવવા પ્રયાસ કરતા હશો તો થોડા સમયમાં વિકલ્પ મળી જશે. નિરૂદેશ ભટકવાના સંજોગોનો હવે અંત આવી જશે. અજાણ્યા વર્તુળોમાંથી આવતા પડકારોને તમારી કાબેલિયત પુરવાર કરવાની તક સમજીને ચાલશે.

**તુલા (ર,ત)** : શાંતિ માણવાનો સમય શરૂ થઈ ગયો છે. બિનજરૂરી લાગણીશીલ બાબતો પાછળ છોડીને આગળ વધવાની સલાહ છે. આકસ્મિક ધનલાભની શક્યતા જણાય છે. એક સંબંધમાં સામેની વ્યક્તિ તમારી લાગણીશીલતાનો લાભ ઊઠાવે નહીં એની વિશેષ કાળજી લેજો. આ સપ્તાહ તમારા માટે બધી રીતે એકદમ વ્યસ્ત અને વિવિધતાથી ભરપૂર બની રહેશે. જીવનની ગાડી તમારી તરફેણમાં દોડી રહી છે, માટે લાંબાગાળાના મહત્વના નિર્ણયો લેવા માટે આ સમયનો ઉપયોગ કરજો. પરિવારમાં એક મોટી વયની વ્યક્તિને કદાચ તબીબી સારવાની જરૂર પડે એવી સંભાવના છે.

**વૃશ્ચિક (ન,ય)** : એક સંબંધમાં સમજદારીનો તબક્કો શરૂ થઈ ગયો છે. અહમને વચ્ચે લાવ્યા વિના વિચારશો તો યોગ્ય નિર્ણય લઈ શકશો. તમારા મનમાંથી ગુસ્સો અને માફ ન કરવાની વૃત્તિ દૂર થઈ રહી છે એમ જણાય છે. પરિવારનો એક યુવાન સભ્ય મૂંઝવણમાં હોય તો તેને મદદરૂપ બનજો એવી મારી સલાહ છે. દૂરના અને નિકટના મિત્રોને મળવાનો, પ્રવાસનો અને જાતે નક્કી કરેલા લક્ષ્ય તરફ આગળ વધવા માટે યોગ્ય સમય છે. અપરિણીતોની મુલાકાત ભાવિ જીવનસાથી સાથે થઈ શકે છે. નોકરીમાં પગાર વધારાની કે બઢતીની આશા રાખી શકો છો.

**ધન (ભ,ધ,ફ,ઢ)** : વર્તમાનમાં જીવો અને એક સમયે એક જ કામ પર ધ્યાન આપો અને ઈશ્વર પર શ્રધ્ધા રાખીને કામ કરતા રહો એવી મારી સલાહ છે. તમને જે સમજી શકતા હોય તેમની પાસે સહાય માંગો અને સદ્ભાવના ધરાવતા મિત્રોની સલાહને આવકારો. મનમાં અત્યારે જે અસંતોષની લાગણી થઈ રહી છે એ થોડા સમયમાં દૂર થઈ જશે એમ જણાય છે. તકો ધીમે-ધીમે સામેથી ચાલીને આવશે. ખુદમાં વિશ્વાસ રાખો અને સાચા લાગે એ નિર્ણયમાં આગળ વધવાની રણનીતિ અપનાવજો. એક વખત જેને પુષ્કળ ચાહતા હતા એવી વ્યક્તિ સાથેની મુલાકાતને કારણે લાગણીના બંધ ખૂલી જશે.

**મકર (ખ,જ)** : સખત કામ કરવા છતાં પૂરતી કદર થતી ન હોવાની અને આર્થિક લાભ પણ યોગ્ય મળતો ન હોવાનું લાગી રહ્યું છે એમ જણાય છે. આત્મનિરીક્ષણનો સમય છે અને આ સપ્તાહ જે નિર્ણય લેશો એના પર ભવિષ્યનો આધાર રહેલો છે એમ માનીને ચાલજો. થોડા સમયથી મનમાં જે ડર, શંકા અને ટેન્શન છે એને દૂર ભગાવી દો અને ઈશ્વર પર શ્રધ્ધા રાખી ધીરજપૂર્વક સાતત્ય કેળવીને કાર્ય કરતા રહેવાની મારી સલાહ છે. નવા અનુભવ સાથે નવી દિશામાં આગળ વધવાને પગલે ઘણું શીખવા મળશે એમ દેખાય છે. રહેઠાણ બદલીના યોગ છે.

**કુંભ (ગ,સ,શ,ષ)** : સાચા નિર્ણય લેવા માટે નિર્દયતાપૂર્વક અને અત્યંત પ્રેક્ટિકલ બનીને વર્તવું જરૂરી બનશે. કોઈ ઊપર આંધળો વિશ્વાસ મૂકશો નહિ. એક સંબંધમાં સામેની વ્યક્તિ તમારી લાગણીશીલતાનો લાભ ઊપાડવાનો પ્રયાસ કરશે માટે સાવધાન રહેજો. વર્તમાનમાં જીવશો તો મહત્વના સમયનો કેમ ઊપયોગ કરવો એ સમજી શકશો. કોઈ સમસ્યાના ઊકેલ માટે બાહ્ય પરિબળોની રાહ તો જોઈ રહ્યા છો, પરંતુ એનો જવાબ તો તમને અંતરમાંથી જ મળશે એમ જણાય છે. તંદુરસ્તી જાળવવા ખાવા-પીવા પર પૂરતું ધ્યાન આપજો. ડ્રાઈવિંગ કરતી વખતે ઈજા થઈ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ)** : એક નવો સંબંધ ખૂબ જ જરૂરી એવી પોતિકાપણાની ભાવના જાગૃતિ કરશે અને એ સંબંધ પોઝિટિવ વૈચારિક શક્તિનો પરિચય પણ કરાવશે. ભૌતિક સ્તરે તમને કેટલીક ટીપ્સ મળશે. જેનું પરિણામ આનંદ આપનારૂં અને ભવિષ્યના કામકાજનો માર્ગ સ્પષ્ટ બનાવનારું સાબિત થશે. તમારી પ્રબળ ઈચ્છા શક્તિને કારણે હાલના સમયને પ્રસન્ન બનાવી શકશો. થોડા દિવસ કોઈ પણ પ્રકારની દલીલો કરવાનું ટાળજો. એક પરિસ્થિતિમાં યોગ્ય માગદર્શન માટે વિશ્વાસુ મિત્રો સાથે અવશ્ય ચર્ચા કરી લેજો. જે ચર્ચા થશે એમાં ઘણા મુદ્દાઓ તમારા વિચારોને વ્યાપક બનાવશે એમ જણાય છે.

# Irritable Bowel Syndrome (ઈરિટેબલ બોવેલ સિન્ડ્રોમ)



મોટા આંતરડાની ક્રિયા, ગતિ, હલનચલનમા અનિયમિતા પેદા થવી, ફેરફાર થાય છે. ૩૫-૫૦ વયે, સ્ત્રીઓમાં વધારે, ૨૫% જનસંખ્યામાં બહુ જ સામાન્ય આંતરડા સંબંધિત સમસ્યા છે. ફરિયાદોમાં ૧) મળનું પ્રમાણ, જાજરૂ જવાની આદતમાં ફેરફાર, વારંવાર ઝાડા અથવા કબજીયાત થવું. અનેક દર્દી ચીકણું પદાર્થ નીકળવાની ફરિયાદ કરે છે. મળ પસાર કર્યા બાદ રાહત મળે છે. ૨) પેટ ફુલાઈ જવું, દુ:ખવું, ખેંચાવું, ચૂક, વિટ આવવી, ગેસ થવું, પેટમાં બેચેની થવી.

કોઈપણ લાંબા સમયનું ટેન્શન, પ્રેશર, તાણદાયક ઘટના, ચિંતા, ડિપ્રેશન બાદ વ્યક્તિ આંતરડાના હલન ચલનથી વધારે સજાગ-સંવેદનશીલ બન છે. આંતરડામાં ચેપ, એન્ટીબાયોટીક સારવાર બાદ, ખાવા-પીવાના પ્રમાણ, સમય, પદાર્થોમાં ફેરફાર, વધારે દારૂ, કેફીન, ઠંડા પીણા સેવનથી થઈ શકે છે.


આ સમસ્યાથી કોઈ અંદરના અવ્યયને કાયમી નુકસાન થાય એવું નથી. પણ રોજના કામ-કાજમાં મુશ્કેલી થાય છે. જેથી ટેન્શન વધે છે. આ સમસ્યા મટે છે અને ફરી થાય છે. ખાસ કરીને કામ-જોબમાં અસંતોષ, સંબંધોમાં કડવાશ-મુશ્કેલી ક્લેશ, તાણદાયક, ટેન્શનવાળી ઘટના બાદ વારંવાર હુમલા આવે છે.

રક્ત (CBC), E & R Stool દૂરબીન, બેરીયમ જેવી તપાસ કરાવવામાં આવે છે. લગભગ નોર્મલ રીપોર્ટ આવે છે.

ઈલાજમાં = સરળ ભાષામાં સમજણ, આશ્વાસન, હિંમત અપાય છે.
= કાચુ, શાકભાજી, ગેસ થતા ખોરાક, ઘઉં બંધ કરવા
દહીં-છાશ લેવા = કસરત, મેડીટેશન, યોગ ફાયદો કરે છે.
હોમિયોપથીમાં અસરકારક દવાઓ છે.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

# વધુ મતદાન માટે સમાજશ્રેષ્ઠી હીરાલાલભાઈ મૃગની નવી પહેલ




મહારાષ્ટ્ર રાજ્ય વિધાનસભાની ચૂંટણી અનુલક્ષી મતદાતાઓમાં જાગૃતિ લાવવાના વિવિધ સ્તરે પ્રયાસો થઈ રહ્યા છે. આ પાર્શ્વભૂમિમાં સમાજશ્રેષ્ઠી શ્રી હીરાલાલભાઈ મૃગ દ્વારા નવી પહેલ કરવામાં આવી છે. બુધવાર તા. ૨૦ નવેમ્બરના સવારના ૭ થી સાંજના ૬ સુધી થનારા વોટિંગમાં વધુ મતદાન થાય એ માટે એમના દ્વારા સ્ટીકર બનાવી મુલુંડમાં દોડતી બસોથી વધુ ઓટોરિક્ષા પાછળ લગાવવામાં આવ્યા છે. જેમાં એમને સહયોગીઓનો સાથ મળ્યો છે. રિક્ષાઓ પરના સ્ટીકરથી મતદાન માટે જાગૃતિનું માહોલ વધુ અસરકારક બન્યું છે, એવું જાણકારોનું કહેવું છે.

Click Here











# દીપમ ગૃહ મંદિરમ્‌નાં અદ્‌ભૂત કંકોત્રી લેખન કાર્યક્રમમાં વોટ માટેની જાગૃતિ આવી





શ્રી સર્વોદય પાર્શ્વનાથ દાદાની અસીમ કૃપાથી, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય અજિત શેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં ‘‘દીપમ’’ નો અદ્ભુત કાર્યક્રમ મુલુંડ નગરે યોજાયો.

હાલમાં દીપમ દેરાસરમાં વૃદ્ધોને પડતી અગવડતાને ધ્યાનમાં રાખીને ઉપર નવી જગ્યામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય બનાવવાનુ ચરલા પરિવારે નક્કી કર્યું. જેથી વધુને વધુ વડીલો નીચે બેસીને આરાધના કરી શકે. અને બાકીના યંગ જનરેશન ભાવિકો ઉપર દર્શન પૂજા કરી શકે.

આ દેરાસરના કંકોત્રી લેખનના કાર્યક્રમમાં દરેક ભાવિક જૈન અવશ્ય વોટ આપે એવી ખાસ રજૂઆત કરવામાં આવી. સાથે જ પૂજ્ય આચાર્ય શ્રી રત્ન સુંદરસૂરિજી મહારાજા એ વોટ આપવો આપણો ધર્મ છે એ વાત પણ જણાવી હતી.

વોટ માટેની ખાસ રંગોળી, જુદા જુદા પ્રોપ્સ તથા સ્લોગનો આ કંકોત્રી લેખન માં ચરલા પરિવાર દ્વારા આપવામાં આવ્યા. અને દરેક ભાવિક વોટ આપશે જ અને સાથે આજુ બાજુવાળા ને પણ વોટ આપવા લઈ જશે એવી ભાવના રાખવામાં આવી..

વડીલો અને બાળકો ને હમેશાં કેન્દ્ર માં રાખીને તથા ફક્ત જિનશાસન ઝળહળતું રહે એવી ભાવના સાથે અનોખા કાર્ય કરી રહેલ દીપમ ઉપર પણ એક અનોખા બાલુડા મહાવીર પ્રભુની પ્રાણ પ્રતિષ્ઠા કરવાનું છે.

આનું મહત્વ સમજાવતા મનોજ ચરલા કહે છે..આજથી વીસ વર્ષ પછી આપણા દેરાસર માં આવતા ભાવિકો ની સંખ્યા કેટલી હશે એ ખબર નથી ,કેટલા ભાવિક ધર્મ મય હશે એ મોટો સવાલ છે. પરંતુ જો આજની નવી પેઢીને આ સોશ્યલ મીડિયાના જમાનામાંથી કાઢીને સરસ સંસ્કાર આપશું તો અવશ્ય ત્યારનું ભવિષ્ય પણ સારૂં જ હશે.

આ બાલુડા મહાવીર પ્રભુ મારે બાળકોના ફ્રેન્ડ ભગવાન બનાવવા છે.

હા...બાળકો દર્શન પૂજા માટે આવે ને પ્રભુ ની અલૌકિક મુખાકૃતિ જે વિશ્વભરમાં પ્રાયઃ ક્યાંય નહિ જોવા મળે એવા પ્રભુને પોતાના ઉપકારી માની જૈનશાસન પ્રત્યે અહોભાવ લાવે અને શાસનના સરસમાં સરસ કાર્ય કરી આપણાં ધર્મને વધુને વધુ લોકો સુધી પહોંચાડે એવી જ દીપમ પરિવારની ભાવના છે.

૧૦૦૦ થી વધુ બાળકો માટે જુદી જુદી સ્કીમ ચલાવતું દીપમ હવે એમના મમ્મી પપ્પા માટે પણ એક અલગ જ સ્કીમ લાવવાનું છે. મકસદ એક જ છે નવી પેઢી, નવા યુગ, નવા જનરેશન સાથે મેચ થઈને એમની ઈચ્છાને અનુસાર એમને ગમે એવી ભાષા માં આપણી જૈન ફિલોસોફી એમના સુધી પહોંચાડી એમને ધર્મમય બનાવવા.

ઉપર ના દેરાસર માં સાવ અલગ જ કોન્સેપ્ટ હશે. અને જે બાળકો પૂજા, દર્શન નથી કરતા તેઓ માટે અવશ્ય ઉત્સુકતા જગાવશે એમને દર્શન પૂજા કરવા ચોક્કસ મજબૂર કરશે સાથે જ એક એવો શેત્રુંજયનો પૂજનીય પટ જેની આપ કલ્પના નહીં કરી શકો. જેમાં જય તળેટી, આદિનાથ, શાંતિનાથ, પુંડરિક સ્વામી, રાયણ પગલાં આ બધું પૂજનીય હશે.

વડીલો અવસ્થા થતાં પાલીતાણાની જાત્રાથી વંચિત રહે છે એ જોતાં જ આ પૂજનીય પટ નો વિચાર અહીંયા રાખવામાં આવશે. એનાથી સર્વે વડીલોને પણ અહીંયા બેઠા બેઠા શ્રી ગિરિરાજની પૂજાનો લાભ વિચારી શકશે.

શ્રી સકળ સંઘ સાથે, જૈન શાસનની વધુને વધુ પ્રભાવના તથા ગુરૂદેવના માર્ગદર્શન હેઠળ ચાલતું દીપમ ફક્ત એક જ વાત કહે છે.

આપણું જૈન શાસન તો જ ઝળહળતું રહેશે જો નવા જમાના, નવા વિચાર, નવી ક્રિયાને કાંઈક નવી રીતે જમાના સમક્ષ લાવીએ. કારણકે નવી પ્રજા માટે આ ખૂબ જ જરૂરી છે. એમને ધર્મ કરવો ગમે છે પરંતુ ક્યાંક નડે પણ છે. તેઓ આ વાતમાં ખોટા હોઇ શકે પરંતુ આપણે તેઓને સમજાવવાના છે ફશળ એક જ રાખો..

નવું ભવિષ્ય એમના હાથમાં સરસ આપવું છે તો વર્તમાન કાળમાં એમને ગમે એ રીતે સમજાવી શાસન પ્રભાવના કરે એવી ભાવના પ્રગટાવી છે.





Click Here

# રવિવારે યોજાયેલી જાહેર સભાને નીતિન ગડકરીએ વિકાસકાર્યોના આશાવાદથી ગજાવી અને મિહિર કોટેચાને લોકપ્રિય નેતા ગણાવ્યા




ભાજપ મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાના સમર્થનમાં કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીની એક ભવ્ય જાહેરસભા તા.૧૭ નવેમ્બર રવિવારે સાંજે મુલુંડના સાને ગુરૂજી નગરમાં યોજાઇ હતી, જેમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ, અસંખ્ય કાર્યકરો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં નીતિન ગડકરીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યાર પછી મિહિર કોટેચાએ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન પોતે અને મહાયુતિની સરકારે કરેલા કાર્યોની ઝલક આપી હતી તેમ જ આગામી પાંચ વર્ષોમાં વિકાસના જે પ્રોજેક્ટસ હાથ ધરવાના છે એની પણ માહિતિ આપી હતી.

મિહિર કોટેચાએ પોતાના વક્તવ્યમાં નીતિન ગડકરીના કાર્યોની પ્રસંશા કરતાં કહ્યું હતું કે ભારતને વિકાસશીલ બનાવવાના નરેન્દ્ર મોદીજીના સ્વપ્નને સાકાર કરવામાં નીતિન ગડકરી પૂરી રીતે કટિબદ્ધ છે અને તેઓ દિવસરાત દેશ માટે વિકાસના કાર્યોમાં વ્યસ્ત રહેતા હોય છે.

નીતિન ગડકરીએ પોતાના વક્તવ્યના પ્રારંભમાં મિહિર કોટેચાના પ્રજાના લોકપ્રિય નેતા ગણાવ્યા હતા અને કહ્યું હતું કે છેલ્લા દશ વર્ષમાં સરકારે જે વિકાસકાર્યો કર્યા છે એ માટે પ્રજાએ નરેન્દ્ર મોદીજીને ફરીવાર વડા પ્રધાન બનાવ્યા છે. નીતિન ગડકરીએ કહ્યું હતું કે છેલ્લા દશ વર્ષોમાં ભારતીય જનતા પક્ષે નવી આર્થિક વ્યવસ્થાને મજબૂત બનાવી છે. તેમણે કહ્યું હતું કે ભારતીય જનતા પક્ષન દેશના અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડોલર જેટલું મજબૂત બનાવશે, જેને પગલે આપણો દેશ વિશ્વની સૌથી તાકાતવાન આર્થિક સત્તાઓમાં ત્રીજા ક્રમે હશે. મહારાષ્ટ્રમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ પોતે કઇ રીતે કર્યો હતો એનો ચિતાર પણ નિતિન ગડકરીએ આપ્યો હતો.

નીતિન ગડકરીએ કહ્યું હતું કે આ ચૂંટણી મિહિર કોટેચાનું ભવિષ્ય નક્કી કરનારી નથી. મુલુંડના તમામ રહેવાસીઓનું ભવિષ્ય નક્કી કરશે. તેમણે એવી અપીલ કરી હતી કે મુલુંડવાસીઓએ આ વખતે ૮૦ ટકા મતદાન કરવું જ જોઇએ.






## રવિવારે યોજાયેલી મિહિર કોટેચાની ભવ્ય બાઇક રેલીમાં પૂર્વ અને પશ્ચિમના અનેક વિસ્તારોને આવરી લેવામાં આવ્યા






ભાજપ અને મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાના સમર્થનમાં રવિવાર તા.૧૭ નવેમ્બરના સવારે એક ભવ્ય બાઇક રેલીનું આયોજન થયું હતું અને એમાં ભાજપના અનેક કાર્યકરો તથા સમર્થકોએ હિસ્સો લીધો હતો

રેલી કાલિદાસ પી. કે. રોડથી શરૂ થઇ હતી અને ત્યાંથી પછી એમાં મુલુંડ ઇસ્ટ અને વેસ્ટના અનેક વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા, જેમાં મદન મોહન માલવિયા રોડ, સર્વોદય દેરાસર, ટિઆરા કોર્ટ, રાઘવેન્દ્ર ગાર્ડન, જી. એમ. એલ. આર., અમર નગર, હાઇલેન્ડ પાર્ક, જયભારત સ્કૂલ, હિન્દુસ્તાન ચોક, જોન્સન એન્ડ જોન્સન ગાર્ડન, એલ. બી. એસ. રોડ, દેવીદયાલ રોડ, પાંચ રસ્તા, એમ. જી. રોડ, મુલુંડ સ્ટેશન, એન. એસ. રોડ, તાંબે નગર, સીટી ઓફ જોય, ઇસ્ટ વેસ્ટ બ્રિજ, પામ એકર્સ, સી. ડી. દેશમુખ ગાર્ડન, લોકમાન્ય ટિળક રોડ, હનુમાન ચોક, મધ્યવર્તી કાર્યાલય, લક્ષ્મીબાઇ શાળા, વીર સંભાજી મેદાનને આવરી લેવામાં આવ્યા હતા. છેવટે રેલી નીલમગર ખાતે આવેલા કિરીટ સોમૈયાના કાર્યાલય પર સમાપ્ત થઇ હતી.

રેલીમાં ભાગ લેનારા યુવાનોમાં બહુ જ ઉત્સાહ જણાતો હતો અને મિહિર કોટેચાના વિજય માટે સર્વત્ર નારાં લાગ્યા હતા.








Click Here

## ‘અબ કી બાર, એક લાખ પાર’: આ છે મિહિર કોટેચાના સંભવિત વિજયની સરસાઈનો આંકડો



મહારાષ્ટ્ર વિધાનસભાની આવી રહેલી ચૂંટણીમાં મુલુંડ મતવિસ્તારમાંથી લડી રહેલા મિહિર કોટેચાનો આ વખતે એક લાખ મતોથી વિજય થશે એવો વિશ્વાસ મિહિર કોટેચાનો પ્રચાર કરી રહેલા કાર્યકરો વ્યક્ત કરી રહ્યા છે. છેલ્લા એક અઠવાડિયા દરમિયાન થયેલી વિવિધ રેલીઓ તથા પદયાત્રાઓમાં મિહિર કોટેચાને મળેલો ઉષ્માભર્યો પ્રતિસાદ જોતાં ભાજપ તથા મહાયુતિના કાર્યકરો અબ કી બાર એક લાખ ના નારા લગાવી રહ્યા છે.

ભાજપના એક સિનિયર કાર્યકરે કહ્યુ હતું કે લોકસભાની ચૂંટણીમાં મિહિર કોટેચાને મુલુંડમાં એમના પ્રતિસ્પર્ધી સંજય દિના પાટિલ કરતાં ૬૦,૦૦૦ મતો વધુ મળ્યા હતા. આથી આ વખતે મિહિર કોટેચાનો એક લાખ કરતાંય વધુ મતોથી વિજય થશે એવો અમને વિશ્વાસ છે.

રેલીમાં અનેક મહિલાઓએ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીસના પોસ્ટરો લહેરાવીને એવો મેસેજ આપ્યો હતો કે ભાજપ મહાયુતિની સરકારે મુંબઇગરાને મેટ્રો રેલવેની સુવિધા આપી. રેલીમાં હાજર રહેલા એક રહેવાસીએ કહ્યુ હતું કે મુલુંડની ચૂંટણી એકતરફી બની ગઇ છે, કારણ કે મિહિર કોટેચાની સામે કોઇ સ્પર્ધા જ નથી. જોકે મિહિર કોટેચાએ આ બાબતે કહ્યુ હતું કે હું આ ચૂંટણીઓને હળવાશથી નથી લેતો. હું ઓવરકોન્ફિડન્સમાં નથી એટલે વધુ મહેનત કરી રહ્યો છું. શિવસેનાના એક સમર્થકે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પોસ્ટર લહેરાવતા કહ્યુ હતું કે એકનાથ શિંદે અમારા લાડકા ભાઉ છે. એમની લાડકી બહિન સ્કિમને કારણે મહાયુતિના ઉમેદવારોને ઘણા વધુ મત મળશે.

## ઘાટકોપરમાં યોજાયેલી ભવ્ય સભામાં અમિત શાહે ઈશાન જિલ્લાના ઉમેદવારોનો હોંસલો વધાર્યો



તા.૧૨ નવેમ્બર મંગળવારે સાંજે ઘાટકોપર પૂર્વમાં યોજાયેલી ઈશાન જિલ્લાના ઉમેદવારોના સમર્થન માટે યોજાયેલી ભવ્ય સભામાં ગૃહ પ્રધાન અમિત શાહ હાજર રહ્યા હતા અને ઉમેદવારોનો જુસ્સો વધાર્યો હતો. સભામાં ઈશાન જિલ્લાના છએ છ ઉમેદવારો હાજર રહ્યા હતા, જેમાં મુલુંડના વિધાનસભ્ય મિહિર કોટેચાનો પણ સમાવેશ થતો હતો.

સભામાં અમિત શાહે જોરદાર ભાષણ આપ્યું હતું અને મહાયુતિને ભવ્ય વિજય મળશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સભામાં ઉમેદવારો ઉપરાંત ભાજપના સિનિયર નેતાઓ પણ હાજર રહ્યા હતા અને તેમણે જોશપૂર્ણ ભાષણો આપ્યા હતા.





## બુધવાર અને ગુરૂવારની મિહિર કોટેચાની રેલીઓમાં ચૂંટણીપ્રચારની પરાકાષ્ઠાનો ઉત્સાહ જોવા મળ્યો

વિધાનસભ્ય મિહિર કોટેચાના ચૂંટણીપ્રચારનો પવન જોરશોરથી ફૂંકાઇ રહ્યો છે ત્યારે બુધવારે અને ગુરૂવારે યોજાયેલી રેલીઓમાં ભાજપ તથા મહાયુતિના કાર્યકરો તથા સમર્થકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

ગત બુધવારે સાંજે મુલુંડ પશ્ચિમના દસરા ગ્રાઉન્ડમાંથી રેલીની શરૂઆત થઇ હતી અને ત્યાર પછી મલબાર હિલ રોડ, નિમકર સોસાયટી, સિલ્વર બિર્ચ સ્વપ્ન નગરી, સુમતી ધામ વીણાનગર, એલબીએસ માર્ગ, બાલરાજેશ્વર મંદિર, હોટલ શિલ્પા મહારાણા ચોક જેવા વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. સમગ્ર રેલી દરમિયાન મિહિર કોટેચાના વિજય માટેના નારા લાગ્યા હતા. ગુરૂવારે સવારે મુલુંડ પૂર્વની મુંબઇ સીમા સોસાયટીથી રેલીની શરૂઆત થઇ હતી અને પછી કમલ મેડિકલ, અબ્દુલ કલામ ગાર્ડન, તુંગવતેશ્વર, ભોઇર નગર, એન્ડેવર સોસાયટી, ૯૦ ફૂટ રોડ, જી.વી. રોડ નંબર ૨, રૂચિ હોટલ અને પ્રશાંત હોટલ જેવા વિસ્તારોને આવરી લઇને પછી ત્યાં રેલી સમાપ્ત થઇ હતી. આ રેલીમાં ચૂંટણી પ્રચારની પરાકાષ્ઠાનો ઉત્સાહ જોવા મળ્યો હતો અને મહાયુતિના વિજયનું વાતાવરણ છવાયેલું જોવા મળ્યું હતું. મિહિર કોટેચાને અનેક સ્થળો પર ઉષ્માભર્યો આવકાર મળ્યો હતો.



## મુલુંડથી એસએનજીપી સુધીનો રોપ વે બાંધવાની દરખાસ્ત આગળ વધી : મિહિર કોટેચા મુંબઈને વધુ એક ટુરિસ્ટ સ્પોટ અપાવશે



મુલુંડથી સંજય ગાંધી નેશનલ પાર્ક (એસએનજીપી)માં આવેલા ઐતિહાસિક તીન મૂર્તિ મંદિર સુધી રોપ વે (કેબલ કાર) બાંધવાના માટે વિધાનસભ્ય મિહિર કોટેચાએ કરેલી માંગણીના સંદર્ભમાં રાજ્યના પર્યટન ખાતાએ મુંબઇ સબર્બન કલેક્ટર પાસે એક વિગતવાર રિપોર્ટ તૈયાર કરવા લખી જણાવ્યું છે.

પર્યટન ખાતાંએ પોતાના પત્રમાં જણાવ્યું છે કે મિહિર કોટેચાની માંગણી પર એક વિગતવાર અહેવાલ તૈયાર કરો, જેમાં તમારી ટિપ્પણી પણ જણાવો. આ ઉપરાંત પ્રોજેક્ટના અંદાજીત ખર્ચ, પ્લાન અને સરકારના નિયમો અનુસારની સંબંધીત માહિતિ આપવાનું પણ પત્રમાં જણાવવામાં આવ્યું છે.

સરકારની આ હિલચાલને વધાવી લેતાં મિહિર કોટેચાએ કહ્યું હતું કે આ બાબતે હું રાજ્ય સરકાર, સબર્બન કલેક્ટર તથા અન્ય સરકારી સંસ્થાઓ સાથે વાટાઘાટ કરતો રહીશ. રોપ વેને કારણે શહેરના હાલના પર્યટન સ્થળોમાં એક વધારાના આકર્ષણનો ઉમેરો થશે. રોપ વે દ્વારા લોકો એસએનજીપીના કુદરતી સૌંદર્યને પણ લોકો માણી શકશે.

ગયા વર્ષના ડિસેમ્બર મહિનામા મિહિર કોટેચાએ પર્યટન પ્રધાન ગિરિશ મહાજનને લખ્યું હતું કે, ‘એસએનજીપીની અંદર આવેલી એક ટેકરીની ઉપર ઐતિહાસિક તીનમૂર્તિ મંદિર આવેલું છે. રોપ વેની સુવિધા પ્રાપ્ત થશે એ પછી ભક્તો માટે તીનમૂર્તિ મંદિરના દર્શન કરવાનું સરળ બનશે. હાલમાં ભક્તોએ ચાલીને મંદિર સુધી જવું પડે છે અને એ બહુ જ કઠીન હોય છે. આથી ભક્તોની સુવિધા માટે રોપ વે બાંધવાનું જરૂરી છે.’

મિહિર કોટેચાએ કહ્યું હતું કે એસએનજીપીના સંરક્ષિત હરિયાળા વિસ્તાર સાથે છેડછાડ કર્યા વિના ત્યાં એક પર્યટન સ્થળ ઊભું કરી શકાય એમ છે. તેમણે કહ્યું કે, ‘આ પર્યટન સ્થળે આસપાસના વિસ્તારોના દશ્ય માણવા માટેની ગેલેરી બાંધી શકાય. આ રીતે પર્યટકો અને ભક્તોની સંખ્યા વધશે. આ સુવિધા મુંબઇને એક નવું પર્યટન સ્થળ મળશે.’

## પાંચ વર્ષોમાં પૂરાં થનારા પાંચ પ્રોજેક્ટ્સ મુલુંડની કાયાપલટ કરી નાંખશેઃ

### મિહિર કોટેચાએ વ્યક્ત કરેલો વિશ્વાસ


ભાજપના વિધાનસભ્ય મિહિર કોટેચાએ કહ્યું હતું કે મુલુંડની કાયાપલટ કરી નાંખે એવા પાંચ પ્રોજેક્ટસ ઝડપથી પૂરાં થાય એ માટે તેઓ કટિબદ્ધ છે. આ પાંચ પ્રોજેક્ટસમાં રેલવે ટર્મિનસ, બર્ડ પાર્ક, રોપ વે, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને ડી.પી. રોડનો સમાવેશ થાય છે.

મિહિર કોટેચાએ કહ્યું હતું કે આગામી વર્ષોમાં આ પાંચેય પ્રોજેક્ટ્સનું કામ પૂરું થઇ જશે. તેમણે કહ્યુ હતું કે મુલુંડમાં ત્રણ ડી.પી. રોડ બાંધવા માટે મંજૂરી મળી ચૂકી છે. આ નવાં રોડસને કારણે ટ્રાફિક જામની સમસ્યા ઘણી ઓછી થશે. બર્ડ પાર્ક એકદમ સિંગાપોરના પાર્ક જેવો આધુનિક હશે અને એ મુંબઇનું એક આકર્ષક પર્યટન સ્થળ બની જશે. તેમણે કહ્યુ હતું કે સરદાર પ્રતાપ સિંહ ગાર્ડનથી એસજીએનપી સુધી રોપ વે બાંધવામાં આવશે, જેને પગલે ભક્તો તીનમૂર્તિ મંદિરના દર્શન આસાનીથી કરી શકશે. મુલુંડમાં રેલવે ટર્મિનસ બાંધવાના પ્રોજેક્ટ બાબતે રેલવે ખાતાંએ હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. આ ટર્મિનસને કારણે કચ્છ, ઉત્તર પ્રદેશ અને કોંકણ જનારા પ્રવાસીઓ મુલુંડથી જ બહારગામની ટ્રેનો પકડી શકશે.

મિહિર કોટેચાએ કહ્યું હતું આ પાંચેય પ્રોજેક્સ આગામી પાંચ વર્ષમાં જ પૂરાં થઇ જશે.

Click Here

# મારા ડાયરીના થોડા પાનાં : જયવતી કાજીનું પ્રવચન શ્રી શિવખેરાના વિચારો




(ગતાંકથી ચાલુ)

અહં (ego) ને લીધે આપણે ઉપલા અને સત્તાને સ્થાને બેઠલાઓની ચમચાગીરી કરીએ છીએ અને નીચલા અને હાથ નીચેનાને દબાવી છીએ. ઈર્ષાને કારણે આપણે આપણી સમસ્યા જોઈ શકતા નથી અને બીજાની સફળતાથી બળીએ છીએ. ઉદાસીનતાને લીધે આપણે માનીએ છીએ કે હું શું કરું? મારું તો ચાલે છે ને પછી મને લાગતું વળગતું ન હોય ત્યારે મારે શા માટે માથકૂટ કરવી?

પ્રારબ્ધવાદ આપણને શીખવે છે કે નસીબમાં હશે તે જ થશે અને થવાનું છે. હું કંઈ બદલી શકવાનો નથી એટલે આપણે નિષ્ક્રીય બની જઈએ છીએ. આપણે માનીએ છીએ કે તીર્થયાત્રા કરીશું કે ગંગાસ્નાન કરીશું કે કુંભમેળામાં સ્નાન કરીશું એટલે બધા આપણા પાપ ધોવાઈ જશે ગંગામાં ડૂબકી મારો પવિત્ર થાય અને પાછા પાપ શરૂ કરો.

જે કોઈ સિસ્ટમ બુધ્ધિને હાનિ પહોંચાડે છે. તે ખરાબ છે. પણ જે ચારિત્રને હાનિકારક છે તે અનિષ્ટ છે. પણ જે અંતરાત્માને હાનિ પહોંચાડે છે તે સિસ્ટમ ગુનેગાર છે, અપરાધી છે. વસ્તુઓની અછત પુરી શકાય પણ આત્માની ગરીબાઈ દૂર કરવી મુશ્કેલ છે. શિવખેરા આ પુસ્તકમાં ભાર મૂકીને પ્રતિપાદિત કરે છે કે *The strength of a Society is its Social Capital.* કુટુંબ, શાળા, કોમ્યુનિટી સામાજીક મૂલ્યોનું નિર્માણ કરે છે અને વિતરણ કરે છે. એને સામૂહિક રૂપે આપણે *Social Capital* સામાજિક મૂડી કહીએ છીએ.

ઘણા ખરા સમાજમાં કુટુંબની વ્યાખ્યા લગ્નથી થાય છે. લગ્ન સ્ત્રી-પુરૂષોના શારીરિક સંબંધને માન્યતા આપે છે અને સાથે *Do's* અને *Dont's* પણ આપે છે. માતા પિતા જ્યારે પોતાના સંતાનોને પોઝિટવ-મૂલ્યો-શિસ્તની આદત, બીજાનો ખ્યાલ નિયમ અને કાયદા પ્રત્યેનું માન અને એક વિશાળ હિત માટે પોતાનો લાભ જતો કરવાનું શીખવે છે. ત્યારે માતા પિતા પોતાની સૌથી મહત્ત્વની ફરજ પૂરી કરે છે.

સંતાનોને તેઓ માર્ગનો એક નકશો આપે છે. જેથી તેઓ ભૂલો પડે તો પાછા સાચા રસ્તા પર આવી શકે. માતા પિતાનું આ મોટું કર્તવ્ય છે અને એ ચારિત્ર્ય ઘડતરનું કામ નૈતિક આધ્યાત્મિક મૂલ્યોનું સિંચનનું કાર્ય તેઓ શાળા અને સમાજ પર ન છોડી શકે. બીજું કુટુંબને સભ્યો એક બીજાની પડખે જરૂરતી વખતે ઊભા રહે અને ભાગી ન જાય. આ બધી બાબતો *moms* કુટુંબને એક સામાજીક સંસ્થા બનાવે છે અને એ મૂલ્યો એક પેઢીથી બીજી પેઢી વહેતા રહે છે. પોતાના દ્રષ્ટાંતથી અને શિક્ષણથી પરતું જ્યારે આ પ્રણાલી તૂટે છે. ત્યારે કુટુંબ અને સમાજ સુરક્ષિત ન રહે.

બાળકને આજે શું શીખવા અને જોવા મળે? એમને રોજને રોજ જોવા મળે છે. જુઠાણું અને અપ્રમાણિકતા અને તે પણ જોવા મળે છે. ઘરમાં અને કુટુંબમાં ચારિત્ર ઘડતરના ભલેને સો પુસ્તકો લખાય અને એનો ઉપદેશ દેવાય પણ એક ભ્રષ્ટ શિક્ષક-પ્રોફેસર કે પ્રિન્સપાલ સેંકડો અપ્રમાણિક બાળકો અને તરૂણીને ઊભા કરશે. દેશને કોણ આગળ વધતા અટકાવીને પાછળને પાછળ રાખે છે?

આવું અનૈતિક વર્તન પૈસાને ખોટી અણ વ્યાજબી મહત્તા, વિફરતો જતો ભોગવાદ *Consumerism* અને લોભ આજે અપરાધ કરનારાઓને નથી ભય રહ્યો. સામાજીક બહિષ્કાર અને શરમનો કે નથી ભય રહ્યો કાયદાનો. *Freedom is not Free* આ પુસ્તકના લેખક શિવખેરા અગ્રગણ્ય લેખક છે. ઊંડું ચિંતન અને મનન આ પુસ્તકમાં છે. વર્તમાન પરિસ્થિતિનું એમાં હૃદયસ્પર્શી સચોટ આલેખન છે. આ પુસ્તક પાછળ એક દેશપ્રેમી વ્યક્તિનો પ્રકોપ છે, આક્રોશ છે, એટલે જ આ પુસ્તક પુસ્તકથી વિશેષ આંદોલનરૂપ છે.

**એક સુવિચાર :** ચાર વસ્તુઓ ફરી નથી આવતી બોલાયેલ શબ્દ, છોડેલું તીર, વીતેલી જીંદગી અને ગુમાવેલી તક.

# સેન્ટ્રલ રેલવેએ ઑપરેશન નન્હે ફરિશ્તે અભિયાન હેઠળ બાળકોનું તેમના માવતર સાથે પુનર્મિલન કરાવ્યું

મધ્ય રેલવેની રેલવે પ્રોટેક્શન ફોર્સને છેલ્લા સાત મહિનામાં 'ઑપરેશન નન્હે ફરિશ્તે' હેઠળ ગુમ થયેલાં ૮૬૧ બાળકોને સુરક્ષિત રીતે તેમનાં માતા-પિતા સાથે પુનર્મિલન કરાવવામાં સફળતા મળી છે.

રેલવે આપેલી માહિતી મુજબ સ્વાસ્થ્ય કે માતા-પિતા દ્વારા અભ્યાસ માટે આપવામાં આવેલા ઠપકા કે અન્ય કોઈ કારણસર ઘરેલુ ઝઘડા અથવા તો મુંબઈના ગ્લેમરને લીધે સારા જીવનની શોધ માટે ઘરેથી ભાગી નીકળેલાં બાળકો રેલવે-સ્ટેશનો પર એકલાં પડીને ગુજરાન ચલાવતાં હોય છે. સેન્ટ્રલ રેલવેની પોલીસ 'ઑપરેશન નન્હે ફરિશ્તે' હેઠળ આવાં બાળકોનો પ્રેમ જીતી તેમને તેમના ઘરે પાછા જવા માટે સમજાવીને તેમનાં માતા-પિતા સાથે મિલન કરાવી રહી છે. આ પોલીસ-અધિકારીઓએ એપ્રિલ અને ઑક્ટોબરની વચ્ચે ૫૮૯ છોકરાઓ અને ૨૭૨ છોકરીઓનું તેમના પરિવાર સાથે પુનર્મિલન કરાવીને તેમનાં માતા-પિતાના આશીર્વાદ મેળવ્યા છે.

# મેડિકલ ડિવાઈસ સપ્લાયના કોન્ટ્રેક્ટનો જાસો આપી અંદાજે ૪ કરોડની ઠગાઈ થઈ

થાણેમાં રહેતા ૩૯ વર્ષના ડોક્ટરને ગઠિયાઓએ સુધરાઈના મેડિકલ ડિવાઈસ સપ્લાય કરવાનો કોન્ટ્રેક્ટ મળશે અને એમાં સારો એવો પ્રોફિટ થશે એમ કહી રોકાણ કરવા છેતર્યો હતો. તેમની વાતોમાં આવી જઈ ડોક્ટરે ડિસેમ્બર ૨૦૨૦થી લઈને આ વર્ષના માર્ચની ૨૭ તારીખ સુધી વિવિધ કારણો હેઠળ એ રકમ તેમને આપી હતી. જ્યારે ડોક્ટરે એની સામે પોતાનો પ્રોફિટ માગ્યો ત્યારે એ લોકોએ ગલ્લાંતલ્લાં કરવા માંડ્યાં હતાં અને એ પ્રોફિટના પૈસા આપવાની વાત તો દૂર, રોકાણ કરેલી મુદ્દલ પણ પાછી આપી નહોતી. લાંબો સમય તેમની સાથે એ માટે પ્રયાસ કર્યા બાદ પણ જ્યારે પૈસા પાછા ન મળ્યા ત્યારે આખરે ડોક્ટરે એ સંદર્ભે નૌપાડા પોલીસ-સ્ટેશનમાં ફરિયાદ કરી છે. પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

# મુલુંડના ગુજરાતી વ્યાપારીની સજાગતાને લીધે ઘાટકોપર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર અઠંગ મોબાઈલ ચોર રંગેહાથ દબોચાયો

મુલુંડ-વેસ્ટમાં ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ પર રહેતા ૪૮ વર્ષના વિનોદ મકવાણાએ ગત મંગળવારે સાંજે ઘાટકોપર રેલવે-સ્ટેશને ખિસ્સામાંથી મોબાઈલ તફડાવીને નાસવાનો પ્રયાસ કરનાર ૨૮ વર્ષના યાસીન કુરેશીને રંગેહાથ પકડી કુર્લા ગવર્નમેન્ટ રેલવે પોલીસ (GRP)ને સોંપ્યો હતો. યાસીન છેલ્લાં બે વર્ષથી મુંબઈનાં અલગ-અલગ રેલવે-સ્ટેશનો પર ગિરદીનો લાભ લઈ મોબાઈલ ચોરીને અંજામ આપતો હતો. તેની સામે આ પહેલાં ૧૩ કેસ નોંધાયા હોવાનું GRPએ જણાવ્યું છે.

આ ઘટનાની માહિતી આપતા વિનોદ મકવાણાએ કહ્યું હતું કે 'મંગળવાર સાંજે હું મારી અંધેરીની ઑફિસમાં કામ પૂરું કરી મેટ્રોમાં ઘાટકોપર આવ્યો હતો. હું એક નંબરના પ્લેટફોર્મ પર સાંજે સાડાસાત વાગ્યે આવેલી ડોમ્બિવલી સ્લો લોકલ ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કરતો હતો ત્યારે મારા ખિસ્સામાં કોઈકે હાથ નાખ્યો હોવાનું મને જણાયું. મેં તરત જ પાછળ વળીને જોયું ત્યારે એક યુવક મને જોઈને ભાગવા માંડયો એટલે હું ટ્રેનમાંથી ઊતરીને પ્લેટફોર્મ પર તેની પાછળ દોડયો. થોડા આગળ જઈને મેં ચોર-ચોરની બૂમો પાડી એટલે પ્લેટફોર્મ પર રહેલા બીજા પ્રવાસીઓ અને સ્ટેશન પર હાજર પોલીસે તેને પકડી પાડ્યો. તેનું નામ યાસીન કુરેશી હોવાની જાણ થઈ હતી.'

આરોપીને ચોરીના એક કેસમાં સજા થઈ છે એમ જણાવતાં કુર્લા GRPના સિનિયર ઇન્સ્પેક્ટર સંભાજી યાદવે કહ્યું હતું કે 'આરોપી પર આ પહેલાં ૧૩ કેસ નોંધાયા હોવાની માહિતી મળી છે. મુંબઈનાં અલગ-અલગ રેલવે-સ્ટેશનો પર આરોપી ગિરદીનો લાભ લઈ ચોરીને અંજામ આપતો હતો. આરોપીની વધુ પૂછપરછ થઈ રહી છે.

# ફરી એકવાર હાઈકોર્ટએ ફેરિયાઓના મામલે રાજ્ય સરકારને ઝાટક્યા

રોડ પર પથારો પાથરી બેસી જતા ગેરકાયદે ફેરિયાઓ વિરૂદ્ધની અરજીની સુનાવણી કરી રહેલી બોમ્બે હાઈ કોર્ટે આ મુદ્દે બૃહન્મુબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ બન્નેને ખખડાવ્યાં હતાં. કોર્ટે કહ્યુ હતું કે 'એક પણ રસ્તો કે એક પણ ગલી ફેરિયામુક્ત નથી. આખા મુંબઈમાં ગેરકાયદે ફેરિયા ફેલાઈ ગયા છે. એથી લોકો રસ્તા પર ગલીઓમાં મુક્ત રીતે ચાલી પણ નથી શકતા.' આ સુનાવણી કરી રહેલી બોમ્બે હાઈ કોર્ટના જસ્ટિસ અજય ગડકરી અને કમલ ખાતાની બેન્ચે સરકાર, BMC અને પોલીસને જોરદાર ખખડાવ્યાં હતાં.

સરકાર તરફથી રજૂઆત કરતાં પૂર્ણિમા કંથારિયાએ કહ્યું હતું કે 'ગેરકાયદે ફેરિયાઓ હટાવવા પોલીસ-કર્મચારીઓને તહેનાત કરવામાં આવે છે. જોકે એ લોકો ફેરિયાઓને એમ ન પૂછી શકે કે તેઓ પાસે લાઇસન્સ છે કે નહીં તેમને હટાવવાની કાર્યવાહી માત્ર લાઈસન્સ વગરના ગેરકાયદે ફેરિયા સામે જ કરી શકાય છે.' કોર્ટે તેમને બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે 'તેમને (પોલીસને) ફેરિયાઓ પાસે લાઈસન્સ છે કે નહીં એ પૂછવાથી કોઈ નથી રોકતું, તેમણે એ પૂછવું પણ જોઈએ અને જેની પાસે લાઇસન્સ ન હોય તેની સામે ઍક્શન પણ લેવી જોઈએ. અમે તેમને હંમેશ માટે હટાવવા માગીએ છીએ, એ પાછા ન આવવા જોઈએ. તેમને હટાવવા બીટમાર્શલ હોવા જોઈએ. જો તેમને હટાવવા છતાં એ પાછા આવી જતા હોય તો મેડમ, સમસ્યા તમારા પક્ષે છે. બધી જ સરકારી એજન્સીઓ, મનપા, પોલીસ બધાએ સાથે મળીને કામ કરવું જોઈએ. જો સરકાર આ બાબતે અસમર્થતા દર્શાવે તો એ ન ચલાવી લેવાય. એક વાર હટાવ્યા બાદ ફેરિયા પાછા ન બેસવા જોઈએ. અમે રાજ્ય સરકાર પાસેથી એવું સાંભળવા નથી માગતા કે તેઓ ફેરિયાઓના આ દૂષણને રોકી નથી શકતા. તમે મહારાષ્ટ્રની સરકાર છો. તમારે એના પર અંકુશ રાખવો જ પડે, તમે હેલ્પલેસ થઈ જાઓ એ ન ચાલે. જો તમારી પાસે જે ફોર્સ (પોલીસ ફોર્સ) છે એ ઓછી પડતી હોય તો રિઝર્વ પોલીસમાંથી એક્સ્ટ્રા ફોર્સ મગાવો, પણ એક વાર હટાવેલા ફેરિયા પાછા ન બેસવા જોઈએ એવી ચેતવણી યુક્ત ચીમકી આપી હતી.

Click Here

# કોંગ્રેસ-મહાવિકાસ આઘાડીના ઉમેદવાર રાકેશ શેટ્ટી એ પોતાનું સ્થાન જમાવવા એડીચોટીનું જોર લગાવ્યું











મુલુંડ વિધાનસભા બેઠક માટેના કોંગ્રેસ- મહાવિકાસ આઘાડીના અધિકૃત ઉમેદવાર રાકેશ શેટ્ટીએ મુલુંડમાં પોતાના પ્રચારની કામગીરી છેલ્લે એડીચોટીનું જોર લગાવ્યું હતું. મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષો કોંગ્રેસ અને શિવસેના (ઉબાઠા) તેમજ રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એસ.પી. ગ્રુપ)ના કાર્યકરો પણ ખભેખભા મિલાવીને રાકેશ શેટ્ટીના વિજય માટે ભરપૂર સહયોગ આપેલ અને યુતિમાં એકતા હોવાનો સ્પષ્ટ સંદેશ આપેલ હતું.

છેલ્લે છેલ્લે પદયાત્રા દરમ્યાન રાકેશ શેટ્ટીનું લોકો ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. ડોર ટુ ડોર પ્રચાર કરવા તેમણે જોર લગાવ્યું હતું. અભી નહીં તો કભી નહીં એ સૂત્ર સાથે જોમવંત પ્રચાર કર્યો હતો.

મુલુંડ (પૂર્વ) અને મુલુંડ (પશ્ચિમ)માં તેમની પદયાત્રાને ભરપૂર સહયોગ મળ્યો હતો.

આજે બુધવાર, તા.૨૦ નવેમ્બરના રોજ મતદાન છે. ત્યારે મંગળવાર મોડી રાત સુધી મહાવિકાસ આઘાડીના પક્ષોના કાર્યકરો સાથે ઉમેદવાર રાકેશ શેટ્ટી ચર્ચા વિચારણા કરવાની સાથે માર્ગદર્શન આપવામાં વ્યસ્ત રહ્યાં હતા.









Click Here

# કોંગ્રેસ-મહાવિકાસ આઘાડીના ઉમેદવાર રાકેશ શેટ્ટીએ પોતાનું સ્થાન જમાવવા એડીચોટીનું જોર લગાવ્યું









- રાકેશ શેટ્ટીએ મુલુંડમાં અટવાયેલા રિ ડેવલોપમેન્ટના પ્રોજેક્ટોને વહેલી તકે ગતિમાન કરવાનું પણ વચન આપ્યું છે જેને લીધે મુલુંડગરાઓ પોતાના હકનું ઘર વહેલી તકે પામે.
- મુલુંડમાં પાઘડી-ભાડાના મકાનોમાં રહેતા ભાડૂતોની સમસ્યા ખૂબ વિકટ છે. મકાન માલિકો સત્તાવાળાઓ સાથે સેટિંગ કરીને બિલ્ડીંગને સી-વન કેટેગરીમાં મૂકાવે છે. જે મોટુ સ્કેમ છે. આના લીધે મીડલ ક્લાસના પરિવારોની કફોડી હાલત થાય છે જેમને ન્યાય આપવાનો ઠામ નિર્ધાર તેમનું છે.
- હાલે મુલુંડમાં ૭૨ બિલ્ડીંગો ડિમોલીશન થયા પછી સપાટ જમીન પડી છે. નવું બાંધકામ શરૂ ક્યારે થશે એની કોઈ ખાત્રી આપી શકતું નથી. દરેક જૂના બિલ્ડિંગના ભાડૂતોને ઓછામાં ઓછી ૪૫૦ ફૂટ જગા મળે એ માટીની લડત તેઓ ચલાવશે.
- મુલુંડના ઝૂપડપટ્ટીઓમાં ગટર, પાણી, ગંદગી અને શૌચાલયની સમસ્યાઓ છે. જે પ્રશ્નો હલ કરીને એસ.આર.એ ના લાભ ઝૂંપડા ધારકોને મળે એ પ્રતિબદ્ધતા તેમણે મુલુંડગરાઓને આપી છે.
- પીએપી અને ધારાવી રિડેવલપમેન્ટના અસરગ્રસ્તોનું મુલુંડમાં પુનવર્સન કદાપિ ન થવા દઈશ. આ પુનવર્સન પ્રોજેક્ટથી મુલુંડની પાયાભૂત સુવિધાઓ ખોરવાઈ જશે. એ અટકાવવાની મારી પ્રાથમિક ફરજ હશે એવુ રાકેશ શેટ્ટીનું કહેવું છે.
- મુલુંડનું ડમ્પિગ ગ્રાઉન્ડ ઓકટ્રોય નાકાની જગ્યાઓ અને સોલ્ટ પેનલની જમીન ઉપર લોકોને ઉપયોગી થાય એ માટે ક્રિકેટ ગ્રાઉન્ડ, ફૂટ બોલ ગ્રાઉન્ડ, ગાર્ડન જેવી પ્રજાલક્ષી સુવિધાઓ ઉભારવા માટેના સઘન પ્રયત્નો તેમના દ્વારા કરાશે એ વચન તેમણે આપ્યું છે.







## ગાયને રાજ્યમાતા જાહેર કરીને જ નહીં ચાલે, તેમની સુવિધાઓની પણ વ્યવસ્થા કરવી પડશેઃ રાકેશ શેટ્ટી



સીએમ શિંદે દ્વારા ગાયને મહારાષ્ટ્રની રાજ્ય માતા જાહેર કર્યા બાદ એક નવો મુદ્દો વેગ પકડી રહ્યો છે. મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા રાકેશ શંકર શેટ્ટીએ ગાયને રાજ્ય માતા તરીકે જાહેર કરવા બદલ મુખ્યમંત્રીને અભિનંદન આપતાં મહારાષ્ટ્ર સરકાર પાસે માંગ કરી છે કે તેઓ જમીની સ્તરે ગાય સંરક્ષણ માટે નક્કર પગલાં ભરે. મુખ્યમંત્રીને લખેલા પત્રમાં શેટ્ટીએ રાજ્યના દરેક જિલ્લામાં વૃદ્ધ ગાયો માટે આશ્રયસ્થાનો સ્થાપવા અને દૂધ ન આપતી ગાયોને પણ પાળતાપશુપાલકો અને ખેડૂતોને આર્થિક સહાય આપવાની વાત કરી છે. શેટ્ટીએ મીડિયાને જણાવ્યું કે ઘણા પશુપાલકો અને ખેડૂતો વૃદ્ધ થઇ ગયેલી અથવા દૂધ ન આપતી ગાયો કસાઈઓને વેચે છે, જે આપણા સાંસ્કૃતિક વારસાનું અપમાન છે. આ સમસ્યાના નિરાકરણ માટે દરેક જિલ્લામાં ખાસ પશુપાલન અધિકારીઓની નિમણૂક કરવી જોઈએ અને પશુપાલકો પાસેથી ગાયો ખરીદીને તેની કાળજી લેવી જોઈએ.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમારૂં માનવું છે કે દૂધ ન આપતી અથવા વૃદ્ધ ગાયના પાલકોને સરકારે રૂ. ૧૫ હજારથી રૂ. ૨૫ હજાર સુધીની આર્થિક સહાયતા આપે જેથી તેનો તેમનું પાલન પોષણ કરી શકે અને નવી ગાયો ખરીદી શકે. આ આર્થિક સહાયથી પશુપાલકોને દૂધ ન આપતી કે વૃદ્ધ ગાયોનો આર્થિક બોજ ઉઠાવવો નહીં પડે અને ગાયોની યોગ્ય દેખભાળ સુનિશ્ચિત થશે. આ યોજના કેવળ ગાયોની રક્ષા જ નહીં કરે પરંતુ પશુપાલકો માટે પણ લાભકારી સાબિત થશે.

Click Here

# શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ દ્વારા એક ઐતિહાસિક નૃત્યાત્મક નાટિકા રજૂ કરાઈ : “ધજા ધીંગી ધરાજી!”





તા.૧૦ નવેમ્બર રવિવારના શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજમાં પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી કીર્તનગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી તત્વાર્થગુણાશ્રીજી મ.સા.ની પરમ પાવક નીશ્રામાં એક ઐતિહાસિક નૃત્યાત્મક નાટિકા ‘ધજા ધીંગી ધરાજી’ નાટિકા ડૉ. રૂપલબેન લોડાયાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ પ્રસ્તુત કરાયું.

ભવ્યાતિ ભવ્ય કચ્છના દરેક જિનાલયોને PPT દ્વારા રજૂ કરી સંગીતના સથવારે ભાવદર્શન કરાવાયા હતા. સાથે સાથે કચ્છની અદ્‌ભૂત સંસ્કૃતિ, પહેરવેશ, ગજીયો, ઉખાણા દ્વારા જાણે પ્રાચીન કચ્છ ઊભું કરાયું. મુલુંડ સંઘના પ્રમુખશ્રી અને પદાધિકારીઓ તથા પધારેલ સર્વે એટલા ભાવુક થયા હતા કે શબ્દો અને કવિતા દ્વારા પોતાની લાગણી માભોમ કચ્છ પ્રત્યે પ્રદર્શિત કરી હતી. પોતપોતાના ગામના બેનર હાથમાં લઈ નાના ભૂલકાંઓ પણ એમાં જોડાયા હતા.

મુલુંડ નગરી ખરેખર કચ્છ બની ગઈ હોય એવું જીવંત વાતાવરણ ઊભું થયું હતું. ખૂબજ મોટી સંખ્યામાં મુલુંડવાસીઓ પધારી કચ્છી જમણ અને કચ્છના અસલ ખાટલા, ઘંટી, કંડિલ, ચૂલા સૂપનું પ્રદર્શન પણ માણ્યું.

આ વર્ષનું ચાતુર્માસ પૂજ્ય ગુરૂદેવની નિશ્રામાં ખૂબજ જોરદાર થયું. પહેલાં પણ અષ્ટાપદની ભાવયાત્રાની નૃત્યાત્મક નાટિકા ખૂબજ સરસ રીતે રજૂ કરાઈ હતી. મુલુંડને મીની કચ્છ કહેવાય છે. એટલે ખરેખર આ નૃત્યાત્મક નાટિકા દ્વારા મુલુંડનગરી મીની કચ્છ બની ગયેલ હતી.

# ભારત અને કેનેડા વચ્ચે તંગદિલી પ્રર્વતે છે તથા આર્થિક મંદી પણ છે એટલે કેનેડા આવવાનો મોહ ટાળવો જોઈએ : મુલુંડ નિવાસી હેમંતભાઈ

જન્મભૂમિ ભારત અને કર્મભૂમિ કેનેડા વચ્ચે વર્તમાનમાં રાજકીય માહોલ ખરાબ છે. વધારામાં આર્થિક મંદી પણ પ્રર્વતે છે ત્યારે હાલ માટે તો સૌ કોઈએ કેનેડા આવવાના મોહ ટાળવો જોઈઓ એવો સ્પષ્ટ મત જાણીતા નોન ઈન્ડિયન રેસિડન્સ કચ્છ વરાડીયાના અને છેલ્લા ૫૦ વર્ષથી કેનેડાના વિનીપેગમાં રહેતા ઉદ્યોગપતિ હેમંત મૂળજીભાઈ શાહ લોડાયા ગુંદરવાળાનો છે. તેમની વાત-સલાહમાં વજુદ પણ છે અને આટ આટલા વર્ષોનો અનુભવનો નિચોડ પણ છે.

અમેરિકા પહોંચવાનું સપનું સાકાર ન કરી શકનારા ગુજરાતીઓ-ભારતીયોની બીજી પસંદ કેનેડા હોય છે, પણ પાછલાં વર્ષોમાં કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોની ખાલિસ્તાન તરફી અને ભારત વિરોધી નીતિઓને કારણે બન્ને દેશ વચ્ચેના સંબંધો તાત્કાલિક સુધરી ન શકે એ હદે કથળ્યા છે. એવામાં કેનેડામાં એક ખાલિસ્તાની આતંકીની હત્યા પાછળ ભારતના ગૃહમંત્રી અમિત શાહનો હાથ હોવાનું કેનેડા સરકારનું નિવેદન તથા દિવાળીના દિવસોમાં બ્રેમ્પ્ટન નામના શહેરમાં હિંદુ સભા મંદિર પર પોલીસની મૂક સંમતિથી ખાલિસ્તાનીઓએ કરેલા હુમલાના બનાવથી ભારત-કેનેડાના સંબંધોમાં વધુ કડવાશ આવી છે.

જો કે આવા સંજોગોમાં પણ ભારતીય વિદ્યાર્થીઓનું કેનેડા પ્રત્યેનું આકર્ષણ ઓસર્યું નથી. એ વિશે કેનેડાના વિનિપેગમાં પાંચ દાયકાથી રહેતા કચ્છી બિઝનેસમેન હેમંત શાહ કહે છેઃ ‘ભારત-કેનેડા વચ્ચેના રાજદ્વારી તનાવને લીધે અહીં માહોલ ખરાબ છે. પાછલાં વર્ષોમાં મોંઘવારી વધી હોવાથી વિદ્યાર્થી માટે મુશ્કેલ સમય છે. યુનિવર્સિટીઓની સરકારી ગ્રાન્ટ બંધ થઈ હોવાથી વિદેશી વિદ્યાર્થીઓની ફી પણ વધી છે. વિદેશી વિદ્યાર્થીઓને અઠવાડિયે વીસેક કલાકની નોકરી લેવાની છૂટ છે, પણ આર્થિક મંદીને લીધે એક નોકરી માટે સેંકડો યુવકો ઈન્ટરવ્યૂ માટે આવે છે.’

હેમંતભાઈ ઉમેરે છે કે એજન્ટો તો ફક્ત ઊજળી બાજુ જ દર્શાવે છે. ભારતીય વાલીઓને મારો સવાલ એ છે કે પોતાના રાષ્ટ્ર સાથે શત્રુભાવ રાખનારા દેશમાં સંતાનને મોકલવાનો આગ્રહ શું કામ રાખવો જોઈએ? એક અહેવાલ પ્રમાણે કેનેડામાં આરોગ્યસેવા પણ વસાહતીઓ માટે પૂરતી નથી. ઓન્ટારિયો રાજ્યમાં અઢી લાખ લોકો ફેમિલી ડોક્ટર વિના જીવે છે.

કેનેડાના ભારતીયોએ જણાવ્યા મુજબ, શીખ વિદ્યાર્થીઓ ભારતવિરોધી પ્રદર્શનમાં ભાગ લઈને ખાલિસ્તાનનું સમર્થન કરનાર ગુરૂદ્વારા પાસે રિફ્યુજી સ્ટેટસની ભલામણ કરતા પત્રો મેળવી લે છે. કેનેડાની સરકારની ડિવાઈડ એન્ડ રૂલ નીતિને કારણે શીખ અને અન્ય વિદ્યાર્થીઓમાં ઘર્ષણ ઊભું થાય છે.

## ઈન્ડિયા-કેનેડાના સંઘર્ષથી વ્યથિત કચ્છી ઉદ્યોગપતિ હેમંત શાહએ કેનેડાના વડાપ્રધાનને પત્ર લખ્યો




ભારત અને કેનેડા વચ્ચે દિવસો દિવસ તણાવ વધી રહ્યો છે. જેની વિપરીત અસર એજ્યુકેશન વેપાર, વિઝા વગેરે સેક્ટર પર થઈ રહી છે. આ પરિસ્થિતિ વ્યથિત થઈ મૂળ કચ્છ વરાડીયાના અને હાલે છેલ્લા પાંચ દાયકાથી કેનેડામાં વસતા એન.આર.આઈ.હેમંત મૂળજી શાહ-લોડાયા ગુંદરવાળાએ કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોને પત્ર લખ્યો છે. જેમાં તેઓએ ભારત અને કેનેડાના સંબંધો સુધારવાની અપીલ કરી છે. કોમનવેલ્થ દેશો એવા કેનેડા ભારત વચ્ચે જૂના અને દ્રઢ સંબંધો હોવાનો પણ પત્રમાં ઉલ્લેખ કરાયો છે. બંન્ને દેશો વચ્ચે વ્યાપારિક સંબંધોના મહત્વ વિશે પણ જણાવ્યું છે.

Click Here

# દહીં ખાવાના ફાયદા



સ્વાસ્થ્ય સુધા

લેખક
રીટા જૈન
9819070772
DIETICIAN
(Msc. In food science and diatetics), specelization in Diebeties educator, yoga and wellness coach.

દહીં, જેને યોગર્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે પોષક તત્ત્વોથી ભરપૂર ડેરી પ્રોડક્ટ છે જેના અનેક સ્વાસ્થ્ય લાભો છે. અહીં દહીં ખાવાના કેટલાક મુખ્ય સ્વાસ્થ્ય લાભો આપ્યા છે:

**૧. પાચન સુધારે છે**

- દહીંમાં પ્રોબાયોટીક્સ (લાભકારી બેક્ટેરિયા) હોય છે જે આંતરડાના સ્વાસ્થ્યને જાળવવામાં મદદ કરે છે અને આહારના પાચન અને આંતરડા દ્વારા પોષક તત્વોના શોષણમાં મદદ કરે છે.
- દહીં કબજિયાત, પેટનું ફૂલવું અને અન્નમાર્ગમાં બળતરા (ઇરિટેબલ બોવેલ સિન્ડ્રોમ કે IBS) જેવી પાચન સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરી શકે છે.

**૨. રોગપ્રતિકારક શક્તિ વધારે છે**

- દહીંમાં રહેલા પ્રોબાયોટીક્સ આંતરડાને મજબૂત કરીને રોગપ્રતિકારક શક્તિને ટેકો આપે છે, જે રોગપ્રતિકારક તંત્ર (ઈમ્યુનિટી)માં મુખ્ય ભૂમિકા ભજવે છે.
- દહીં વિટામિન ડી જેવા વિટામિન્સથી પણ સમૃદ્ધ છે, જે ચેપ (ઇન્ફેક્શન) સામે શરીરની પ્રતિકારશક્તિ વધારે છે.

**૩. હાડકાંની મજબૂતી વધારે છે**

- દહીં કેલ્શિયમ અને ફોસ્ફરસનો ઉત્તમ સ્રોત છે, જે મજબૂત હાડકાં અને દાંત માટે જરૂરી છે.
- દહીંનું નિયમિત સેવન ઓસ્ટીયોપોરોસીસ જેવી પરિસ્થિતિઓને રોકવામાં અને હાડકાંની ઘનતામાં સુધારો કરવામાં મદદ કરી શકે છે.

**૪. હૃદયના સ્વાસ્થ્યને સુધારે છે**

- દહીંમાં રહેલા પ્રોબાયોટીક્સ કોલેસ્ટ્રોલનું સ્તર અને બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરી શકે છે, જેનાથી હૃદય અને રક્તવાહિનીઓ (કાર્ડિયોવેસ્ક્યુલર) સ્વાસ્થ્યમાં સુધારો થાય છે.
- કેટલાક અભ્યાસો સૂચવે છે કે પ્રોબાયોટિક-સમૃદ્ધ ખોરાકનું નિયમિત સેવન એલડીએલ (ખરાબ કોલેસ્ટ્રોલ)ના સ્તરને ઘટાડી શકે છે.

**૫. શરીરના વજનને નિયંત્રિત રાખવામાં મદદ કરે છે**

- દહીંમાં પ્રોટીનનું પ્રમાણ વધુ હોય છે, જેથી તમને પેટ ભરેલું લાગે છે અને ભૂખને કાબૂમાં રાખવામાં અને શરીરનું વજન નિયંત્રિત રાખવામાં મદદ કરે છે.
- ખાસ કરીને જો તમે ઓછી ચરબીવાળો આહાર પસંદ કરતા હો તો દહીં પ્રમાણમાં ઓછી કેલરી પણ ધરાવે છે.

**૬. ત્વચા અને વાળના સ્વાસ્થ્યને વધારે છે**

- દહીં ત્વચાને આર્દ્રતા કે ભીનાશ (હાઇડ્રેશન) પ્રદાન કરે છે અને જ્યારે શરીર ઉપર લગાવવામાં આવે ત્યારે શુષ્કતા ઘટાડે છે, તેમજ જ્યારે તેનું નિયમિત સેવન કરવામાં આવે ત્યારે ત્વચાની એકંદર ચમક વધારે છે.
- દહીંમાં લેક્ટિક એસિડ હોય છે, જે ત્વચાના મૃત કોષોને હળવાશથી દૂર કરે અને કાયાકલ્પ કરી શકે છે.
- પ્રોટીન અને અન્ય પોષક તત્વોથી ભરપૂર, તે વાળના સ્વસ્થ વિકાસ અને માથાની ચામડીના સ્વાસ્થ્યને પણ સમર્થન આપે છે.

**૭. લોહીમાં સુગરના સ્તરને નિયંત્રિત કરે છે**

- દહીંમાં ઓછી ગ્લાયસેમિક ઇન્ડેક્સ હોય છે તેથી જ્યારે તે મધ્યમ માત્રામાં ખાવામાં આવે ત્યારે તે ડાયાબિટીસ ધરાવતા લોકોના આહાર માટે સારી પસંદગી બને છે.
- પ્રોબાયોટિક્સ ઇન્સ્યુલિનની સંવેદનશીલતા સુધારવામાં પણ મદદ કરી શકે છે અને લોહીમાં સુગરના નિયમનમાં મદદ કરે છે.

**૮. તણાવ અને ચિંતા ઘટાડે છે**

- દહીંમાં રહેલા પ્રોબાયોટીક્સ તણાવ અને ચિંતાગ્રસ્તતાને ઘટાડીને માનસિક સ્વાસ્થ્ય પર હકારાત્મક અસર કરે છે.
- દહીં સેરોટોનિન જેવા ન્યુરોટ્રાન્સમીટરના ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે, જે મૂડના નિયમન માટે મહત્વપૂર્ણ છે.

**૯. પોષક તત્વોથી ભરપૂર છે**

- દહીં એ પ્રોટીન, કેલ્શિયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ અને બીવિટામિન્સ (ખાસ કરીને બી૧૨ અને રિબોફ્લેવિન) જેવા આવશ્યક પોષક તત્વોનો સારો સ્રોત છે.
- આ પોષક તત્વો એકંદર આરોગ્ય, ઉર્જાના સ્તર અને ચયાપચયના કાર્યોમાંમદદરૂપ થાય છે.

**૧૦. લેક્ટોઝના પાચનમાં મદદ કરે છે**

- જે લોકો લેક્ટોઝ નામની સુગરને પચાવી શકતા નથી તેમને દૂધ કરતાં દહીં પચવામાં સરળ લાગે છે કારણ કે દહીં વડે થતી આથો લાવવાની પ્રક્રિયા લેક્ટોઝનું પ્રમાણ ઘટાડે છે.
- પ્રોબાયોટીક્સ લેક્ટોઝનું વિભાજન કરવામાં પણ મદદ કરે છે, જે દહીંને વધુ સુપાચ્ય બનાવે છે.

**તમારા આહારમાં દહીંનો સમાવેશ કરવા માટેની ટિપ્સ:**

- દહીંને સીધે સીધી ખાઈને આનંદ લો, અથવા વધારાના સ્વાદ માટે ફળો, બીજ (સીડ્સ) અથવા મધ ઉમેરો.
- તેનો ઉપયોગ સ્મૂધી માટે અથવા રાયતા જેવી સ્વાદિષ્ટ વાનગીઓમાં બેઝ તરીકે કરો.
- શ્રેષ્ઠ લાભ માટે, સાકર નાખ્યા વગરનું, કુદરતી દહીં અથવા જીવંત લાભકારી બેક્ટેરિયા સાથેનું દહીં પસંદ કરો.

એકંદરે, દહીં એ બહુગુણી અને પોષક તત્વોથી ભરપૂર ખોરાક છે જે શારીરિક અને માનસિક બંને પ્રકારના સ્વાસ્થ્યમાં વધારો કરી શકે છે.

## તસ્વીર બોલે છે





પારૂલ ઐય્યર દ્વારા

- વિષ્ણુ નગર, વિસ્તાર સેવારામ લાલવાણી રોડ, પર ભંગાર થયેલ રીક્ષા લાંબા સમયથી પડેલી છે. તે સાથો સાથ આજુબાજુ કચરાના ઢગ ખડકેલા છે. આ હટાવવાની વ્યવસ્થા સુધરાઈ તંત્ર ક્યારે કરશે એની પ્રતિક્ષા અત્રેના રહેવાસીઓ ઘણાં સમયથી કરી રહ્યાં છે.



- શિવાજી નગર ચેકનાકા રોડ નં.૪ ઉપર ઘણા સમયથી ઠેર ઠેર કચરાના ઢગ પડ્યા રહેલા છે. ત્યાં થાણા મહાપાલિકા દ્વારા કચરો નાખનારને રૂ.પાંચ હજારની ચેતવણી સૂચક બોર્ડ લગાવેલ છે તે છતાંય આ રીતે કચરાના ગંજ સતાવાર ચેતવણીની ઉપહાસ કરતા વિખરાયેલા પડ્યા છે. શું થાણા મહાનગરપાલિકા આ ગંદગી અટકાવવા જલદ પગલા લેશે?

આપના પ્રસંગોને યાદગાર બનાવો
- લગ્નગીત
- સંગીતસંધ્યા
- હલ્દી / મહેંદી
- બર્થ ડે પાર્ટી
- જૈન સ્તવન
- પ્રાર્થના સભા
- ડોલી તેમજ
- સ્પે.એન્ટ્રી ફોર કપલ

હિના ઠક્કર
9221240755, 9769305488



8879753249 / 9323953249
Roxy
Since 1967
ISO 9001 : 2015 certified
LIBRARY
PRESERVING THE HABIT OF READING
Just Pay Rs. 500/-
Read as many Books as you want*
Shop No. 21, Trivrdi Tower, J. N. Road, Station Road, Mulund (West), Mumbai - 400 080.
Follow On Instagram
@roxytoylib @roxybooksandlibrary
** Our Branches Mulund / Thane / Dadar

મુલુંડ વેસ્ટમાં રેલ્વે સ્ટેશનથી પાંચ થી સાત મિનિટના અંતર સુધી જોઈએ છે ૬૦૦ સ્કે.ફુટ સુધીનો ગોદામ ભાડા પર
સંપર્ક - 9820890176

Click Here

# અંતઃશત્રુને જીત્યા તે જિન કહેવાય અને તેમણે જે ધર્મ સ્થાપ્યો તે જૈન ધર્મ કહેવાયો



**સંગિની સૌરભ**

**સંકલન - હિના પારેખ**
**મો.૯૯૬૭૪૫૯૫૧૫**
– બીના કીર્તિ શાહ



જેમ સૂર્ય ચંદ્ર આકાશ પૃથ્વી પવન વર્ષા બધાંના છે તેમ મહાવીર પ્રભુ પણ કેવળ જૈનોના જ નહીં પણ સમગ્ર વિશ્વનાં છે. ભારતના ૯ દર્શનોમાં યોગદર્શન, વેદાંતદર્શન, સાંખ્ય દર્શન, વૈશેષિક દર્શન, પૂર્વમિમાંસા, ઉત્તરમિમાંસા, બૌધ્ધદર્શન ચાર્વાક દર્શન અને જૈનદર્શન છે. જૈનદર્શનમાંથી જૈનદર્શનની વિશિષ્ટતાએ અનેરી છે. કારણ કે ભગવાન ગૌતમબુધ્ધના નામથી બૌધ્ધ દર્શન, ઈશુખ્રિસ્તના નામથી ઈસાઈ ધર્મ, વિષ્ણુ ભગવાનના નામથી વૈષ્ણવધર્મ, શિવના નામથી શૈવધર્મ દુનિયામાં પ્રચલિત છે પણ મહાવીર કે ઋષભના નામે મહાવીર ધર્મ કે ઋષભ ધર્મ પ્રચલિત નથી. જેણે પછી કોઈપણ આત્માએ રાગ-દ્વેષ વગેરે અંતઃશત્રુને જીત્યા તે જિન કહેવાય અને તેમણે જે ધર્મ સ્થાપ્યો તે જૈન ધર્મ કહેવાયો, અને તેના અનુયાયીઓ જૈન કહેવાય. અહીં નાત-જાત કે દેશકાળની કોઈ એક વ્યકિતને ધર્મ સ્થાપવાનો એકહથ્થુ અધિકાર નથી અપાયો. જેનામાં ધર્મ સ્થાપવા માટે સર્વજ્ઞતા અને વીતરાગતાનો ગુણ હોય તે જૈનદર્શન પૂજય પ્રણેતા તીર્થંકર બન્યા અહીં વ્યકિતના નામને નહી પણ ગુણને મહત્વ અપાયું છે આ જ જૈનદર્શનની વિશિષ્ટતા છે કે જેનામાં વ્યકિતની નહી પણ ગુણની પૂજા થાય છે. જૈન ધર્મના ઇતિહાસમાં વૈશ્ય, ક્ષત્રિય, હરિજન, માછીમાર, કોઈપણ સ્ત્રી કે પુરુષ, આર્ય કે અનાર્ય, જે પણ હોય તેણે પંચ પરમેષ્ઠિના

ગુણના સ્વરુપને સ્વીકારી પરમાત્મ પદ પામીને કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયેલાના દ્રષ્ટાંતો જૈનધર્મમાં જોવા મળે છે. અને જૈનો તે તમામને માનપૂર્વક નમસ્કાર વંદન પૂજન કરે છે અને આના કારણે જ જૈન દર્શન વિશ્વદર્શન તરીકે પ્રસિધ્ધિ પામ્યો છે.

ચૌદ રાજલોકની ચાર ગતિવાળી સંસારની આ દુનિયાના તમામ સૂક્ષ્મ એકેન્દ્રિયથી માંડી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના દરેક ભવ્ય જીવોને જૈન ધર્મ સિધ્ધના આત્મા માને છે. આજે નહી તો કાલે તે તમામ આત્માઓ કર્મોને ખપાવીને મોક્ષમાં જનારા છે એથી જ તો બટાકા જેવા કંદમૂળમાં રહેલા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોથી માંડીને પૂર્ણ વિકસીત માનવમાત્ર સુધી તમામ જીવોની દયા ચિંતવી છે. તમામ પ્રકારની હિંસાનો ત્યાગ સિધ્ધાંતમાં અને આચરણમાં મૂક્યો છે. અને એટલે જ દરેક જીવો પ્રત્યે મૈત્રી ભાવ, ક્ષમાભાવ, કેળવવાની શીખ આપી જૈનધર્મ એ વિશ્વધર્મ બન્યો છે.

દુનિયાના કયા દર્શને કયા ધર્મે કયા સાહિત્યે કે કયા વિજ્ઞાને આટલી ઊંડી દયાની અને વિશ્વમૈત્રીની વાત વર્ણવી છે ? ઇરિયાવહી. સૂત્રમાં પ્રાણી માત્રને, જીવમાત્રને મારાથી જુદી જુદી રીતે પીડા થઇ હોય તેની ખરા ભાવથી ક્ષમા માંગવામાં આવે છે. આવી આચાર સંહિતા માત્ર અને માત્ર જૈનધર્મમાં જ દ્રષ્ટિગોચર થાય છે, અને આની અસર આત્મા ઉપર ત્યાં સુધી બતાવી છે કે સાચા હ્દયથી તન મનથી માંગેલી ક્ષમા અઈમુક્તકને કેવળજ્ઞાન અપાવી શકે છે વાહ....વાહ... જૈન ધર્મ સિવાય કયાંય ના મળે અહિંસાના સિધ્ધાંતનો આવે બેનમૂન જોટો....!

જૈન દર્શન નાસ્તિક નથી જે અરિહંતના સ્વરુપમાં ઇશ્વર બને છે તે દુનિયાને ધર્મનું સિધ્ધનું મોક્ષનું, જીવો નું સ્વરુપ બતાવવા તીર્થ સ્થાપી મોક્ષ માર્ગનું માર્ગદર્શન કરાવે છે. અર્થાત્ ઈશ્વર તરીકે કે અરિહંત તરીકે કે સિધ્ધના સ્વરુપમાં તમામ યોગ્ય જીવોને જૈનદર્શન સ્વીકારે છે અને ઈશ્વર બન્યા પછી મોક્ષમાં ગયેલા આત્માને પાછો બીજો અવતાર લઈ ધર્મનો માર્ગ સ્થાપનાર તરીકે સ્વીકારતા નથી પણ કોઈ નવી જ વ્યકિત ધર્મ લુપ્ત થયા પછી જયારે સમય પાકે ત્યારે અરિહંત બની એ જ પૂર્વનો મોક્ષમાર્ગ ફરીથી જગતના પ્રકાશમાં લાવે છે.

જયારે અન્ય ધર્મમાં એક ની એક વ્યકિત વારંવાર ઈશ્વરના સ્વરુપમાં અવતાર રુપે સૃષ્ટિમાં ધર્મનું સ્થાપન કરવા આવે છે. જૈનધર્મને આ વાત મંજૂર નથી... જો એ વાત ને મંજૂર કરે તો ઈશ્વરના સ્વરુપને પરિપૂર્ણ સમજવામાં અંતરાય આવે અને મોક્ષની સાર્થકતા નિષ્ફળ જાય આમ, જૈનધર્મમાં પરસ્પર વિરોધાભાસ કે વિસંગતતા શાસ્ત્રોમાં જોવા મળતી નથી.


દુનિયા આખી એક વાત સ્વીકારે છે કે નામ એનો નાશ હોય આમ હોવા છતાં જૈન દર્શન કહે છે કે, વિશ્વમાં એવા પણ આત્મા છે કે જેના નામ અનંતો ચોવીશી સુધી પણ શાશ્વતા રહેવાના છે. આટલું ઊંડાણ માત્ર જૈનધર્મ સિવાય અન્ય કોઈ પણ ધર્મમાં સુવ્યવસ્થિત રીતે રજૂ થયેલું જોવા નહી મળે. ઋષભચંદ્રાનન, વારિષણ, વર્ધમાન અને બીજા શાશ્વતા પદાર્થો માં મેરુપર્વત-શેત્રુંજય વગેરે છે જેનો નાશ નથી. કર્મવિજ્ઞાનની વાતો ભારતના તમામ દર્શનોએ સ્વીકારી છે અને પોતપોતાના શાસ્ત્રોમાં વર્ણવી છે. જેનો સારાંશ છે... જેવું કરો તેવું પામો... એક માત્ર જૈન દર્શન જ આગળ વધીને કહે છે કે, કર્મ કરો તો પાપ-પૂણ્ય બંધાય કર્મ ન કરો તો પણ પાપ પુણ્ય બંધાય.... કર્મથી વિરમો ત્યાગો.... વિરતીમાં આવો તો જ પાપ પુણ્યબંધથી અટકાય અને તો જ સકળકર્મો નો નાશ મોક્ષ સિધ્ધિ શક્ય બને જૈન દર્શન કહે છે, જેમ દુખ ભૂંડુ છે તેમ સંસારનું સુખ પણ ભૂંડુ છે... પાપ લોખંડની બેડી છે તો પુણ્ય સોનાની બેડી છે એટલે જ તો જૈન સાધુ પુણ્ય અને પાપ એમ બન્નેને તોડવાનો ધર્મ કરે છે. અન્ય ધર્મોઓ પુણ્ય બાંધવા માટે ધર્મ કરે જયારે જૈન સાધુઓ પુણ્ય અને પાપ બન્નેને ખપાવવા માટે ધર્મ કરે. આવું સૂત્ર દુનિયાભરના કોઇ પણ સંન્યાસ ધર્મમાં જોવા નહી મળે... આમ, ધર્મની ગૂઢ વાતો તાર્કિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ વિસ્તારથી જૈન દર્શનકારોએ... સર્વજ્ઞ ભગવંતોએ જે રીતે બતાવી છે તે દુનિયામાં ત્રણે કાળમાં કયાંય પણ જોવા નહી મળે.

જૈન સાધુનું સંયમી જીવન પ્રત્યક્ષ જોવાથી જ જૈન ધર્મ તરફ માથું ઝૂકી ગયા વગર રહેતું નથી. નહી લાઇટ નહી માઇક નહી લાઈટ નહી માથે રક્ષમ નહી પગમાં પગરખાં નહી ઘરબાર નહી અષ્ટપ્રવચન માતા પંચાચાર તપ સંયમવાળું જીવન જૈનદર્શન

વિજાતીય સ્પર્શ પાંચ મહાવ્રતો, બાવીશ પરિષતો દસ યતિધર્મોમહાન વિશિષ્ટતા છે, એને માટે કોઇ શાસ્ત્રોના પાના જોવા જરુરી નથી કે કોઈ તર્ક કે બુધ્ધિના વાદોની પણ જરુર નથી. પ્રભુ મહાવીરના જીવન પ્રસંગોને પોતાના ભગવાન તરીકે સ્વીકાર્યા હોવા છતાં તેમની પૂર્વભવોની ભૂલોના કટુફળોને શાસ્ત્રોમાં વર્ણવવામાં કશો જ સંકોચ રાખ્યો નથી કારણ કે અન્ય દર્શનની અપેક્ષાએ જૈનદર્શન એ સ્પષ્ટ સચોટ અને સત્યદર્શન છે.

---

# નવેમ્બર એ ડાયાબિટીક નેત્ર રોગ અંગે જાગૃતિ ફેલાવવાનો મહિનો છે : જોખમી પરિબળો







નવેમ્બર એ ડાયાબિટીક નેત્ર રોગો અંગે જાગૃતિ ફેલાવવાનો મહિનો છે, આ એક એવો સમય છે જે વિશ્વભરના લાખો લોકોને અસર કરતા ડાયાબિટીસના ઓછા જાણીતા પરિણામો પર પ્રકાશ પાડવામાં આવે છે.

ડાયાબિટીક નેત્ર રોગ (ડાયાબિટીક આઈ ડીસીઝ) એ આંખના રોગોના જૂથને વર્ણવવા માટે વપરાતો શબ્દસમૂહ છે જે ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓને થઈ શકે છે.

**જોખમી પરિબળો**

ડાયાબિટીક આંખના રોગનું પ્રાથમિક કારણ સતત હાઈ બ્લડ સુગર લેવલ છે, જે નેત્રપટલ (રેટિના)ની નાની રક્ત વાહિનીઓને નુકસાન પહોંચાડે છે, જે દ્રષ્ટિની સમસ્યાઓ તરફ દોરી જાય છે. અહીં આપેલા કેટલાક જોખમી પરિબળો **આ સ્થિતિ વિકસાવવાની સંભાવનાને વધારી શકે છે:**

**૧. ડાયાબિટીસનો સમયગાળો:** કોઈ પણ વ્યક્તિને ડાયાબિટીસ જેટલા લાંબા સમયથી હોય, તેટલું ડાયાબિટીક નેત્ર રોગ થવાનું જોખમ વધારે છે.

**૨. અનિયંત્રિત કે ખરાબ રીતે નિયંત્રિત બ્લડ સુગર:** બ્લડ સુગરના સ્તરમાં વધઘટ, ખાસ કરીને જ્યારે તેને સારી રીતે મેનેજ કરવામાં ના આવે ત્યારે તે ડાયાબિટીક નેત્ર રોગનું જોખમ વધારે છે.

**૩.હાઈ બ્લડ પ્રેશર:** હાઈ બ્લડ પ્રેશર અથવા હાઈપરટેન્શન આંખો પર ડાયાબિટીસની અસરોને વધારી શકે છે.

**૪.ઉચ્ચ કોલેસ્ટ્રોલ:** લોહીમાં કોલેસ્ટ્રોલનું ઊંચું સ્તર ડાયાબિટીક નેત્ર રોગો પ્રગતિમાં ફાળો આપી શકે છે.

**૫.ગર્ભાવસ્થા:** ગર્ભાવસ્થા દરમિયાન ડાયાબિટીક રેટિનોપેથી વિકસી શકે છે અથવા બગડી શકે છે, ખાસ કરીને સગર્ભાવસ્થાના ડાયાબિટીસ (જેસ્ટેશનલ)ધરાવતી સ્ત્રીઓમાં આ જોખમી પરિબળ છે.

Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

### 'મંછા ભૂત ને શંકા ડાકણ'

# મુલુંડના ઓબરોય રિયલ્ટીના રેસીડેન્ટલ પ્રોજેક્ટમાં પ્રેતાત્મા હોવાના વીડિયોને લઈને ચકચાર





મુલુંડ-વેસ્ટમાં એલ.બી.એસ.રોડ પરના જોન્સન ઍન્ડ જોન્સન પાસે આવેલા ઑબેરોય રિયલ્ટીના ઑબેરોય ઇટર્નિયા પ્રોજેક્ટમાં પ્રેતાત્મા છે અને એ ત્યાં પેસેજમાં રાખેલી વાંસના માંચડાની સીડી પોતાની રીતે હલે છે અને પ્રેતાત્મા કામગારોને મારે છે એવા વિડિયો ગઈ કાલથી સોશ્યલ મીડિયામાં મુલુંડના લોકોમાં સર્ક્યુલેટ થયા હતા અને ચર્ચાના ચકડોળે ચડયા હતા. જોકે આ બાબત પોલીસ સુધી પહોંચતાં આમાં કેટલું તથ્ય છે એ જાણવા મુલુંડ પોલીસ પણ ગઈ કાલે રાતે ત્યાં તપાસ માટે ગઈ હતી. જોકે પછીથી એ વિડિયો એક વર્ષ જૂના હોવાના અને બહારગામના હોવાના મેસેજ પણ ફેસબુક અને અન્ય સોશ્યલ મીડિયામાં ફરતા થયા હતા. એ પછી એવા પણ ન્યુઝ ફરતા થયા હતા કે જયારથી અમિતાભ બચ્ચન અને તેમના પરિવારે આ પ્રોજેક્ટમાં ફ્લેટ બુક કરાવ્યા છે ત્યારથી આવા ફેક ન્યુઝ સ્પ્રેડ કરવામાં આવી રહ્યા છે એવું સોસાયટીના સેક્રેટરીનું કહેવું છે.



## નવભારત નૂતન વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ માટે વર્કશોપ યોજાયો

રોટરી ક્લબ, રોટરેક્ટ ક્લબ ઓફ મુંબઈ મુલુંડ સાઉથ અને નવભારત ઇન્ટરેક્ટ ક્લબનો સહિયારો પ્રોગ્રામ 'રાયપન' એક્ટિંગ વર્કશોપ અને મેન્ટલ વેલનેસ વર્કશોપ તા.૧૬ નવેમ્બર શનિવારે રાખવામાં આવ્યો હતો. રોટરી ક્લબ ઓફ મુંબઈ મુલુંડ સાઉથના પ્રેસિડન્ટ સાચૂમેમ, ક્લબ યુથ સી. સી.મમતા મેમ, રોટરેક્ટ ક્લબના પ્રેસિડન્ટ સિદ્ધિ દેશમુખ અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

શાળાના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના નવમા અને દસમા ધોરણના વિદ્યાર્થીઓને એક્ટર આકાશ ઘરે એક્ટિંગ કઈ રીતે કરવી તેની માહિતી ડેમો સાથે આપી હતી અને વિદ્યાર્થીઓ પાસેથી પણ વિવિધ એક્ટિંગ કરાવી હતી.

ધોરણ આઠમાંના બંને માધ્યમના વિદ્યાર્થીઓને મેન્ટલ વેલનેસના વિકાસ માટે અને સંવેદનશીલતા, સહકારની ભાવના, સહિષ્ણુતા તેમજ સફળ સંવાદ કૌશલ્ય નિર્માણ થાય તેવી વિવિધ રમતો (ફુગ્ગા, ડ્રોઈંગ તથા વાજિંત્રો દ્વારા) રમાડી હતી જેનાથી વિદ્યાર્થીઓ ખૂબ જ ખુશ થઈ ગયા હતા.

શાળાના પ્રમુખ શ્રી ધીરજભાઈ શાહ અને ટ્રસ્ટી ખજાનચી શ્રી આણંદજીભાઈ ગડા આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. શાળાના આચાર્યા હેમાલીબેન ગાલાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને ઉત્સાહ સભર વર્કશોપ બદલ રોટરેક્ટ ક્લબના સર્વ સભ્યોનો આભાર માન્યો હતો.



ગુરૂવાર, તા.૧૪ નવેમ્બરે શાળામાં બાલદિન ઉજવવામાં આવ્યો હતો. શાળાના સિનિયર શિક્ષિકા કલ્પનાબેન પંચાલ અને અનિતાબેન ઠક્કરે વિદ્યાર્થીઓને બાલદિનનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ બાળગીતો ગાયા હતા. બાલદિન નિમિત્તે વિદ્યાર્થીઓને ચોકલેટ આપવામાં આવી હતી.




Click Here